

R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/-
Vol No. 66 Issue No. 6
જ્યોતિપુંજ
શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
દાંડિયા રાસ રસોત્સવ
રવિવાર, તા. ૯-૧૦-૨૦૨૨
સમય : સાંજે ૫.૩૦ કલાક
વધુ વિગત
પાના નં.-૯
રવિવાર, તા. ૬-૧૧-૨૦૨૨
સમય : સવારે ૯.૦૦ કલાક
વધુ વિગત
પાના નં.-૧૧
JYOTI PUNJ
1
September - 2022
Total : 44 Pages

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૬ | ૬ | ૨૧-૦૯-૨૦૨૨ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,

નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન,

વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬

(મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

DDD

**: કાર્યાલય :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**સમય :** બપોરે ૨.૦૦ થી ૫.૦૦

DDD

Visit us at www.balasinor.org


# ઉપવાયુઓની ઉપયોગીતા

**તંત્રી સ્થાનેથી**

- **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

આપણા શરીરમાં મુખ્ય પાંચ વાયુઓ રહેલા છે. (૧) પ્રાણ (૨) અપાન (૩) સમાન (૪) ઉદાન (૫) વ્યાન.

તેવી જ રીતે પાંચ ઉપવાયુઓ આપણા શરીરમાં આવેલા છે. (૧) નાગ (૨) કુર્મ (૩) કૃકલ (૪) દેવદત્ત (૫) ધનંજય.

**નાગ :** આ વાયુનું સ્થાન નાડીઓના મૂળ નાભિથી ઉપર રહેલું છે. તેનું મુખ્ય કાર્ય એટલે ઓડકાર ઉત્પન્ન કરવાનું છે. ઓડકાર ક્યારે ઉત્પન્ન થાય છે? યોગીઓએ હંમશા મિતાહાર કરવો જોઈએ. ઉદરના બે ભાગ અન્નથી ભરવા, ૧ ભાગ જલથી ભરવો, ૧ ભાગ વાયુના સંચરણ માટે ખાલી રાખવો પરંતુ વ્યક્તિ જ્યારે ઉપર્યુક્ત નિયમ કરતાં વધારે ખોરાક ખાય છે ત્યારે નાગ વાયુ જાગ્રત થઈ ઓડકાર ઉત્પન કરી વધારે ખોરાક ન ખાવાના ચિન્હો દર્શાવે છે. છતાં પણ વ્યક્તિ વધારે જમે ત્યારે ભરપેટ ખવાઈ ગયાનો ખૂબ મોટો ઓડકાર ઉત્પન્ન થાય છે.

**કુર્મ :** આ વાયુ નેત્ર (આંખ) પાંપણમાં રહેલો છે. તેનું મુખ્ય કાર્ય એટલે આંખના પલકારા ઉત્પન કરવાનું છે. આપણી આંખમાં બહારથી રજકણ અંદર પ્રવેશી જાય ત્યારે બહાર કઈ રીતે નિકળે છે? નેત્ર-પાંપણમાં રહેલો કુર્મ વાયુ ઉત્પન થઈ ઝડપભેર આંખના પલકારા ઉત્પન્ન કરે છે. વધારે રજકણ આંખમાં પ્રવેશતાં અટકાવે છે. આંખમાં બળતરા ઉત્પન્ન થાય છે અને આંખમાં રહેલાં દ્રવ્યમાં વધારો કરી આંસુ દ્વારા આ રજકણને બહાર ધકેલી દે છે.

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | ELMEASURE | HPL | COOLEX

AJMERA
Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

ELMEASURE®
Possibilities...Infinite

walther
Electrotechnical Systems
Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision.

HENSEL
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL
Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation
LED Light Fixtures

Sales Off. : 209, 2nd floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai- 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 4005 5849 / 6933 3231 • E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

**કૃકલ :** આ વાયુ આંતરડાની શરૂઆતમાં (પકવાશય) માં રહેલો છે. તેનું મુખ્ય કાર્ય એટલે છીંક તથા ક્ષુધા - પિપાશા તથા (ભૂખ-તરસ) ઉત્પન્ન કરવાનું છે. આપણને ભોજન દરમ્યાન ક્યારેક છીંક આવે છે. શા માટે ? ખોરાક ખાતાં જો શ્વસન નળીમાં અન્ન-કણ ભરાઈ જાય તો કૃકલ વાયુ જાગ્રત થઈ છીંક ઉત્પન્ન કરે છે. અન્નના કણને બહાર ધકેલી વ્યક્તિને મુશ્કેલ પરિસ્થિતીમાંથી બહાર કાઢે છે.

**દેવદત્ત :** આ વાયુ કંઠમાળથી આગળ નીચે રહેલો છે. તેનું મુખ્ય કાર્ય એટલે હેડકી, બગાસા, નિંદ્રા તથા તંદ્રા ઉત્પન્ન કરવાનું છે. આપણને જમ્યા પછી બગાસા શા માટે આવે છે ? જ્યારે ખોરાક ખાઈએ છીએ ત્યારે પાચન ક્રિયામાં સહાય કરવા વધારે લોહીનું પરિભ્રમણ પેટ તરફ તથા પાચનતંત્રના અવયવોના અંગો તરફ પહોંચે છે. તેથી મસ્તિષ્ક માટે જરૂરી પ્રાણવાયુ લોહી સાથે પેટના અવયવો અંગોમાં વધારે પ્રમાણમાં પહોંચી જાય છે. મગજ તરફ આ પ્રવાહ ઓછો થવાને લીધે દેવદત્ત વાયુ જાગ્રત થઈ બગાસા ઉત્પન્ન કરે છે. ચિન્હો દર્શાવે છે જમ્યા પછી વામકુક્ષી (ડાબે પડખે સૂવું) કરવાથી પાચન ક્રિયા ઝડપી બને છે. અને ક્રમશ વાયુનું પ્રમાણ ધીરે ધીરે અહીંથી ઓછું થઈ સમગ્ર ક્રિયા ફરીવાર પૂર્વસ્થિતી પ્રમાણે કાર્યરત થઈ જાય છે.

**ધનંજય :** આ વાયુ શરીરના સૂક્ષ્મ કોષોમાં રહેલો છે. તેના મુખ્ય કાર્ય એટલે શરીરનું પોષણ કરવાનું તેમજ મૃત્યુબાદ શરીરને પંચમહાભૂત તત્વોમાં ભેળવી દેવાનું છે. મૃત્યુબાદ આ ક્રિયા કઈ રીતે થાય છે ? મૃત્યુબાદ શરીરમાંથી નવ વાયુઓ બહાર નિકળી જાય છે. ફક્ત દસમો વાયુ ધનંજય શરીરમાં રહી જાય છે. ધનંજય વાયુ શરીરના સૂક્ષ્મ કોષોમાં રહેલો છે. તે શરીરના પોલાણમાં જઈ વિસ્તરે છે અને શરીરને ફૂલાવે છે. અધિકમાત્રામાં વાયુ ઉત્પન્ન થતાં જલ રાશિ સૂકાતી જાય છે. ઘન રાશિમાં વધારો થાય છે. શરીર વધારે ફૂલતું જાય છે અને છેવટે ફૂલી ફૂલીને ફાટી જાય છે. આ દેહ પર સૂર્યકિરણ, આબોહવાની અસર વર્તાતી જાય છે અને છેવટે સમગ્ર મૃતદેહ પંચમહાભૂતમાં વિલીન થાય છે. આ રીતે કુદરત દ્વારા અંતિમ ક્રિયા (અંત્યેષ્ટિ) પાર પડે છે. વન જંગલોમાં રહેતા પશુ-પક્ષીના મૃતદેહ ધનંજય વાયુના પ્રતાપે પંચમહાભૂતમાં ભળી જાય છે.

ઈશ્વરે આપેલી શરીરરૂપી ભેટને આપણે જીવન પર્યંત સાચવવાની છે. આપણી શારિરીક અને માનસિક સ્વસ્થતા માટે આપણે હંમેશા સજાગ રહેવું જોઈએ.

H H H


# Yoga By Bankim Parikh

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY

# AUTHORISED DISTRIBUTOR



ABB



TEKNIC



ESSEN



socomec
Innovative Power Solutions



ELMEASURE



elmex

SCI



ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC

# R.K. Engineering Pvt. Ltd.

( Formerly known as R. K. Trading Co. )

**www.rkepl.co.in**

**Corporate Office:**
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36

**Registered Office:**
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663

**Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077**

Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત
## ઉપનગર વિભાગ





## દાંડિયા રાસ

## મુખ્ય મહેમાન



**શ્રી રશ્મિકાંત કિર્તનલાલ કડકીઆ (ધંગેલા)**

ઉપનગર વિભાગના દાંડિયા રાસના મુખ્ય મહેમાન **શ્રી રશ્મિકાંત કિર્તનલાલ કડકીઆ (ધંગેલા)** નો જન્મ તા. ૨૬-૬-૧૯૫૦ ના રોજ બાલાસિનોરમાં તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ કડકીઆ (ધંગેલા) ને ત્યાં થયો હતો. તેમના કુટુંબમાં ૫ ભાઈ અને ૧ બહેન માં તેઓ બધાથી નાના છે. તેમનો અભ્યાસ બાલમંદિર થી S.S.C. સુધી બાલાસિનોરમાં થયો હતો, પછી મુંબઈ આવી મીઠીબાઈ કોલેજમાંથી BA with Economics માં ગ્રેજ્યુએટ ડિગ્રી પ્રાપ્ત કરી. ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવીને ૧૮૦/- રૂપિયાના પગારમાં વર્ષ ૧૯૭૩માં નોકરી શરૂ કરી. M/s. R.A. Electricals Hardware Agency ના નામે ભાઈઓ સાથે પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને વર્ષ ૧૯૭૪માં તેમના લગ્ન શ્રીમતી મીનાક્ષી તેઓ શ્રીમતી પુષ્પાબેન નટવરલાલ ઓચ્છવલાલ ધારીઆ (દાઉદીઆ) ની દિકરી સાથે થયા હતા. શ્રીમતી મીનાક્ષીબેનનો જન્મ તા. ૨૯-૧૨-૧૯૫૦ ના રોજ બાલાસિનોરમાં થયો પણ તેમનો અભ્યાસ મુંબઈમાં S.S.C. સુધી ચંદારામજી સ્કૂલમાં થયો અને મીઠીબાઈ કોલેજમાં B.A. with Economics ગ્રેજ્યુએટ થયા પછી ૧૯૭૪ માં શ્રી રશ્મિકાંત સાથે લગ્ન બંધને બંધાયા. લગ્ન જીવનના સહવાસ દરમ્યાન તેમના બે સંતાનો મોટી દિકરી નેહલ અને નાનો દિકરો કુણાલ. બંને પરણિત છે. દિકરીના લગ્ન શ્રી તેજસ મહેન્દ્રભાઈ પરીખ (વડદલાવાળા) જે મુંબઈમાં જ સ્થાયી છે અને દિકરાના લગ્ન તન્વી તે શ્રી દિપકભાઈ ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા) સાથે થયા. બંને સંતાનોના ઘરે શ્રી લક્ષ્મીજી સ્વરૂપે દોહિત્રી સાક્ષી નેહલ તેજસ પરીખ અને પૌત્રી ટીષા તન્વી કુણાલ કડકીઆ છે. દિકરો કુણાલ અત્યારે પિતાના પગલે ધંધામાં જોડાઈને પિતાની સાથે જ કારોબારમાં સંકળાયેલો છે. શ્રી રશ્મિકાંત કડકીઆનો પરિવાર પ્રેમ નગર, બોરીવલી (વેસ્ટ) માં રહે છે. તેમની લોહાર ચાલમાં પોતાની સ્વતંત્ર દુકાન છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મુખ્ય મહેમાનને આવકાર આપતાં હર્ષની લાગણી અનુભવે છે.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યકત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત

## ઉપનગર વિભાગ



# દાંડિયા રાસ



**મુખ્ય મહેમાન**

## શ્રી રશ્મિકાંત કિર્તનલાલ કડકીઆ (ધંગેલા)

## હસ્તે : શ્રીમતી મીનાક્ષીબેન રશ્મિકાંત કડકીઆ (ધંગેલા)

**તા. ૯-૧૦-૨૦૨૨, રવિવાર, સાંજે ૫.૩૦ કલાકે**

**સ્થળ : શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, શ્રવણ નગર, ગૌરવ હાઈટ્સની સામેની ગલી, કાંદિવલી વેસ્ટ મેટ્રો સ્ટેશન, ન્યૂ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭**

**નોંધ : ગાડી તથા સ્કૂટરનું પાર્કિંગ હોલના કમ્પાઉન્ડમાં મળશે.**

**ખેલૈયાઓને ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.**

આ સાથે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના હેઠળ ઉપનગર વિભાગમાં રહેતા વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવશે. જેમાં નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ની પરીક્ષાનો સમાવેશ થાય છે.

આ પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર દરેક ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પુરું નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૩૦-૯-૨૦૨૨ સુધીમાં નીચે જણાવ્યાં મુજબ સભ્યોનો સંપર્ક કરવો અને માર્કશીટ મોકલી આપવા વિનંતી.

**નાસ્તા માટે સૂચના**


**દાંડિયા રાસમાં નાસ્તાની કૂપન રૂા. ૧૫૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે.**

**કુપન તા. ૨૦-૯-૨૦૨૨ થી તા. ૦૩-૧૦-૨૦૨૨ સુધી નીચે જણાવેલ કાર્યકર્તા પાસેથી લઈ લેવા વિંનતી.**

| | | | |
|---|---|---|---|
| ૧) શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ | - ૯૮૧૯૧૮૩૩૭૯ | ૨) શ્રી સન્નિ સંજય ગાંધી | - ૯૯૩૦૮૪૭૬૩૦ |
| ૩) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | - ૯૮૧૯૩૪૨૮૫૯ | ૪) શ્રી મનોજ રસીકલાલ પરીખ | - ૯૮૨૦૪૩૯૧૩૪ |

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ**


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rath Wolf
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

# ૬૯ મો વાર્ષિક રસોત્સવ

### મુખ્ય મહેમાન

## શ્રી અક્ષય નવનીતલાલ પરીખ (બખલી)

### આકર્ષક પ્રોગ્રામ

**રવિવાર, તારીખ : ૬-૧૧-૨૦૨૨, સમય - સવારે ૯.૦૦ કલાક**


**સ્થળ : બિરલા માતૃશ્રી સભાગૃહ**

**ટિકીટનું વિતરણ તા. ૧૬-૧૦-૨૦૨૨**
**સમય : સવારે ૯.૦૦ થી ૧૧ કલાક**
**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

- **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ :** શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર કલકત્તાવાળા સભાગૃહ, મુંબઈ - ૪૦૦૦૦૨
- **વાંદરા થી ગોરેગામ : અજય પ્રવીણચંદ્ર દોશી : મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬,** બી ૧/૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, એક્ષ્ટે.-૧, સૂર્યા નર્સીંગ હોમની સામે, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮
- **મલાડ : કમલેશ ચંદ્રકાંત દોશી : મોબાઈલ : ૯૦૦૪૬૨૧૦૬૨,** ૬/૨૦ મલાડ હાઉસિંગ સોસાયટી, ૪ થે માળે, પોદાર રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ.
- **કાંદિવલી : સન્ની સંજય ગાંધી : મોબાઈલ : ૯૯૩૦૮૪૭૬૩૦,** એ/૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
- **બોરીવલી : તેજશ હેમેન્દ્ર શાહ : મોબાઈલ : ૯૩૨૪૩૫૦૭૩૫,** સી/૩૦૨, સુમેર નગર, કોરા કેન્દ્રની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.

**નોંધ : વધેલી ટિકીટો નીચેના સ્થળેથી પ્રાપ્ત કરવી**
**સમીર જયેન્દ્ર ગાંધી - મોબાઈલ : ૯૮૨૧૨૩૪૩૦૬ :** નિકોશી ટ્રેડીંગ કાું., ૧૨/૫ અજમેરા હાઉસ, ૧ લે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, જી. ટી. હોસ્પિટલની સામે, મુંબઈ - ૨. **સમય : બપોરના ૨ થી ૪ કલાકે**

| મંત્રી | સંયોજક |
|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | કેતન રજનીકાંત કડકીઆ |




Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE

Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548

Nilesh Kadakia
Mob.: 98192 17375

V.B.R. ELEC. & ENGG. CO.

27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત
# ૬૯ મો વાર્ષિક રસોત્સવ
# મુખ્ય મહેમાન



**શ્રી અક્ષય નવનીતલાલ પરીખ (બખલી)**

શ્રી નવનીતલાલ ભીખાલાલ પરીખ (બખલી) તથા શ્રીમતી મંજુલાબેનના પાંચ સંતાનો શ્રી પંકજભાઈ, શ્રી વિનોદભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી અક્ષયભાઈ અને શ્રીમતી નીતાબહેન. તેમાં શ્રી અક્ષયભાઈ સૌથી નાના પુત્ર. તેમનો જન્મ મુંબઈ મુકામે ૮-૧૨-૧૯૫૪ માં થયો. વિલ્સન કૉલેજમાં B.A નું શિક્ષણ પ્રાપ્ત કરી પિતાશ્રી સાથે ધંધામાં જોડાઈ ગયા.

અંદાજીત ૩૫ વર્ષથી Steam Flow Pvt. Ltd. કંપનીના નામે વ્યાપારનું સફળ સંચાલન કરી રહ્યા છે.

શ્રીમતી લીલાબેન કિરીટકુમાર કડકીઆ (ફાડીઆ)ની સુપુત્રી શ્રીમતી નુતનબેન સાથે ૯-૨-૧૯૮૧ના રોજ લગ્ન ગ્રંથીથી જોડાયા. નુતનબેન સાથે લગ્ન જીવન સહવાસ દરમ્યાન એક પુત્ર ચિ. ગૌરવ અને એક પુત્રી ચિ. સીમોની સાથે મુંબઈમાં રહે છે.

ચિ. ગૌરવના લગ્ન શ્રી જયેશભાઈ દોશીની પુત્રી ચિ. શિવાની સાથે થયા. તેમનો પુત્ર ચિ. ધ્રીશ. અને પુત્રી ચિ. સીમોનીના લગ્ન શ્રી રણજીતભાઈ જરીવાલાના પુત્ર શ્રી વિશાલકુમાર સાથે થયા. તેમની પુત્રી ચિ. નાવ્યા. બંને સંતાનો મુંબઈમાં રહે છે. શ્રી ગૌરવભાઈ પિતાશ્રી સાથે ધંધામાં જોડાયેલ છે.

આરદણીય દાતાશ્રીના ઉમદા દાનના નેજા હેઠળ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં બે કાયમી યોજના ચાલી રહી છે.

**૧) શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) - વસ્તીપત્રક યોજના**

**૨) શ્રીમતી નુતનબેન અક્ષય પરીખ (બખલી) હસ્તે શ્રીમતી શિવાની ગૌરવ પરીખ (બખલી) - 11th std to Graduation Text Book Scheme.**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘને આવા સરળ અને ઉમદા દિલના શ્રી અક્ષયભાઈને મુખ્ય મહેમાન તરીકે આવકારતા સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique — CONZERV® Smart Energy Management — MEHER — LEIPOLD
CLIPSAL® — DIGILINK® — APC® by Schneider Electric — LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આયોજીત**
**શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા)**
**પ્રાયોજીત**
**શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી**

# જનસાથી T20 ટ્રોફી

કોવિડ-૧૯ ના રોગચાળાને કારણે ઘણા લાંબા વિરામ પછી BNS ક્રિકેટ પાછું આવ્યું છે. આપણે આપણા વતન બાલાસિનોરના કાંતિ પાર્ક ગ્રાઉન્ડ બાલાસિનોર ખાતે જનસાથી T20 ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે. આ ટુર્નામેન્ટ દ્વારા આપણે આપણા સમાજના ક્રિકેટને આગલા સ્તર પર લઈ જવા માટે એક પ્લેટફોર્મ પર આવી રહ્યા છીએ.

શ્રી સંજય કીર્તિકુમાર મોદીનો ખાસ આભાર કે જેમણે આ નવા પ્રસ્તાવને શુભેચ્છાઓ સાથે વધાવી લીધી અને આ ટુર્નામેન્ટને આગળ વધવા માટે પીઠબળ પૂરૂ પાડયું.

**ટુર્નામેન્ટની વિગતો નીચે મુજબ છે.**


D પ્રસ્થાન તારીખ અને દિવસ : ૨૫-૧-૨૦૨૩, બુધવાર મોડી સાંજે ટ્રેન દ્વારા
D આગમન તારીખ અને દિવસ : ૩૦-૧-૨૦૨૩, સોમવાર વહેલી સવારે ટ્રેન દ્વારા
D ટુર્નામેન્ટની તારીખ અને દિવસ : ૨૬-૧-૨૦૨૩ - ગુરૂવાર, ૨૭-૧-૨૦૨૩ - શુક્રવાર, ૨૮-૧-૨૦૨૩ - શનિવાર, ૨૯-૧-૨૦૨૩ - રવિવાર
D ટુર્નામેન્ટ સ્થળ : કાંતિપાર્ક ગ્રાઉન્ડ, બાલાસિનોર
D ૩ ટીમો એકબીજા સામે બે વખત રમશે
D કુલ ૭ મેચો (૬ લીગ + ૧ ફાઈનલ) યોજાશે.
D ૧ ટીમને ઓછામાં ઓછી ૪ લીગ મેચ રમવાની તક મળશે.
D ટુર્નામેન્ટ ફી રૂા. ૭૦૦૦/- ખેલાડી દીઠ રહેશે.
D ટુર્નામેન્ટ ફીમાં મુસાફરી, ૪ દિવસનું ભોજન, ઓછામાં ઓછી ૪ મેચ રમવાની તક, ટુર્નામેન્ટના કપડાં, ગ્રાઉન્ડ પર ક્રિકેટ ગિયર્સનો સમાવેશ થાય છે.
D લાલખાં ટ્રોફી રમવા માટે શ્રેષ્ઠ ૧૮ ખેલાડીઓની પસંદગી આ ટુર્નામેન્ટના શ્રેષ્ઠ ખેલાડીમાંથી કરવામાં આવશે.
D પ્રવેશ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૨૦૨૨

**વધુ માહિતી માટે અપૂર્વ ધારીઆનો સંપર્ક કરવો**

**બધા રસ ધરાવતા ક્રિકેટ રસીકોને વિનંતી કરવામાં આવે છે કે કૃપા કરીને Google ફોર્મ ભરો અને નીચે નામ જણાવેલ કમિટીના સભ્યોમાંથી કોઈપણ એકને ચેક /NEFT/ Gpay / Cash દ્વારા ટુર્નામેન્ટની ફી ચૂકવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| રિપલ પરીખ | - | ૯૮૨૦૧૭૬૦૯૨ | કેતન કડકીયા | - | ૯૩૨૪૨૨૦૨૧૧ |
| અપૂર્વ ધારીઆ | - | ૯૮૩૩૧૦૩૫૦૬ | રોહન ધારીઆ | - | ૯૮૨૦૮૦૬૪૧૧ |
| મનોજ પરીખ | - | ૯૮૨૦૪૩૯૧૩૪ | રોહન દેસાઈ | - | ૯૮૩૩૪૩૩૯૯૩ |
| રૂચિત દોશી | - | ૯૮૨૧૦૬૮૧૮૭ | ઉર્મિલ કડકીઆ | - | ૯૮૧૯૧૮૩૩૭૯ |

| મંત્રી | કો-ઓર્ડિનેટર | સંયોજક |
|---|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | રિપલ બિપીન પરીખ | અપૂર્વ દિનેશ ધારીઆ |


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes For Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત ૧૨મા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈમાં વસતા કુટુંબોને તારીખ ૧૦-૧૦-૨૦૨૨ થી તા. ૨૪-૧૦-૨૦૨૨ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

ગં. સ્વ. હસમુખબેન જયંતીલાલ શાહ (ખડગોધરાવાળા) તરફથી રૂા.૧૫,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયું છે. સંસ્થા તેમના કુટુંબીજનોનો આભાર માને છે. બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે આપવામાં આવશે. બાલાસિનોર વસતા કુટુંબોને મણિકાંતભાઈ કડકીઆની દુકાનેથી આપવામાં આવશે.

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક : સમીર પ્રવિણચંદ્ર ધારીઆ**

## દિવાળી બક્ષિસ

અમને જણાવતા સહર્ષ આનંદ થાય છે કે એક અનામિ દાતા તરફથી ૭મા વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૭૫૦/- આપવામાં આવનાર છે.

એક વૈષ્ણવ તરફથી ચોથી વાર અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૧૦૦૦/- આપવામાં આવશે.

આપની શુભ શરૂઆત માટે ગર્વની લાગણી અનુભવતા ધન્યવાદ પાઠવીએ છીએ.

મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૧૦-૧૦-૨૦૨૨ થી ૨૪-૧૦-૨૦૨૨ સુધીમાં બપોરે ૧૨.૦૦ થી ૫.૦૦ કલાકના સમયમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

બહારગામ વસતા કુટુંબોને મની ઓર્ડરથી મોકલવામાં આવશે. બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણિકાંતભાઈ કડકીઆની દુકાનેથી આપવામાં આવશે.

સર્વે દાતાઓનો આભાર. **લી. સૌમીલ જીતેન્દ્ર મોદી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

**સ્વ. જયંતીલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા) ના સ્મરણાર્થે**

**શ્રીમતી હસમુખબેન જયંતીલાલ શાહ (ખડગોધરાવાળા) તરફથી રૂા. ૪૦,૦૦૦/- દાન**

**નીચે મુજબની યોજના માટે મળ્યું છે.**

**૧. શ્રીમતી કુસુમબેન બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) શ્રીજી મેડીકલેઈમ યોજના માટે રૂા. ૨૫,૦૦૦/-**

**૨. ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) દિવાળી પર્વ આર્થિક રાહત યોજના માટે રૂા. ૧૫,૦૦૦/-**

**ઉપરોક્ત દાતા શાહ પરિવારનો સંઘ આભાર માને છે.**

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **પ્રમુખ - સમીર જયેન્દ્ર ગાંધી**


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
CAT5E
CAT6
CAT6A
D-Link®
Building Networks for People

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## જાહેર અપીલ

## આર્થિક પરિવાર સહાય યોજના

કોરોના કાળ પછી અને હાલની ભૌગોલિક પરિસ્થિતી (Geo Politics) ના કારણે મોંઘવારી કુદકે ને ભુસકે વધી રહી છે.

આવી આ વિષમ પરિસ્થિતીમાં પણ આપણા સમાજના આર્થિક જરૂરિયાતવાળા પરિવાર આ મોંઘવારીનો કઠણાઈથી સામનો કરી રહ્યાં છે તેઓ પોતાના પરિવાર સાથે પગભર ઉભા રહી શકે તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ રૂા. અગ્યાર લાખની આર્થિક પરિવાર સહાય યોજના આપ સૌ સમક્ષ લઈ આવ્યું છે.

આ યોજના હેઠળ ઉપરોક્ત પરિવારને આર્થિક સહાય કરીને તેમને પગભર કરવાના સંઘનો આ નમ્ર પ્રયાસ સાર્થક બનાવવા આપણા સૌ ઉદારદિલના દાતાઓને સંઘની નમ્ર વિનંતી કે ઉપરોક્ત યોજના માટે જેને પણ ઈચ્છા હોય સહાય કરવાની તે સંઘના પ્રમુખ સમીર જયેન્દ્ર ગાંધી અથવા સંઘના મંત્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરે.

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
**૯૮૨૧૧૧૦૭૪૭**

**પ્રમુખ : સમીર જયેન્દ્ર ગાંધી**
**૯૮૨૧૨૩૪૩૦૬**

THE KIDNEY DOCTOR

# Dr. Atit Dharia

## Consultant Nephrologist and Renal Transplant Physician

**Fellowship – Adult Nephrology and CaRE (Cardiac, Renal and Endocrinology) (University of Toronto)**
**Fellowship – Kidney Transplantation (American Society of Transplantation)**

**Expertise in Treating :**

- Diabetic kidney disease
- Kidney transplant
- Chronic kidney disease
- Cardiorenal Syndrome
- Hemodialysis
- Peritoneal dialysis
- Kidney stone
- Urinary tract infection (UTI)
- Hypertension

**Hospital Attachments :**

Saifee hospital
Prince Aly Khan hospital
Masina hospital
Conwest Jain hospital
OPD Thurs 3pm – 4 pm
Jaslok hospital
St. Elizabeth hospital
ACI (Cumballa Hill hospital)
Smt Motiben Dalvi hospital

***Clinic Address:***
The Jewel, Roxy Theatre Building, 215, Second Floor, Mama Parmanand Marg, Opera House, Mumbai - 04.
Tel: 022 23693480 ext 2. Clinic timing: **Mon to Fri 5 pm to 8 pm**
**Dr. Atit Dharia Mob +91 9972977022**.

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
**98193 48001 / 70210 44631**

**Nihar Kadakia**
**98330 36101 / 83692 44852**

**FLAT 18% OFF**

# LYFE MEDICO

## CHEMIST & DRUGGIST

**REACH US FOR**
**BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.**

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay

paytm

FREE HOME DELIVERY

**Address :**
**7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086**
**Email : lyfemedico@gmail.com**



# આવી આવી નવલી નવરાત્રી....

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

નવરાત્રી એટલે આદ્યશક્તિના નવ રૂપની આરાધનાનો અવસર....! નવરાત્રી એટલે માતાની ઉપાસના કરવાનો અવસર....! નવરાત્રી એટલે શક્તિની ભક્તિનો અવસર.....! નવરાત્રી એટલે નવ દિવસ દેવીના અલગ અલગ નવ સ્વરૂપની આરાધનાનો અવસર.....!!!

નવરાત્રી તો ગુજરાતની આન, બાન અને શાન છે. દેશ અને વિદેશમાં ગુજરાતને આગવી ઓળખ અપાવનારા આ ગરબા એ નવરાત્રીનું આગવું નજરાણું છે. નવરાત્રીના સમયે ખેલૈયાઓને મન મુકીને નચાવતા કલાકારો આ સમયે પોતાની અલગ અલગ શૈલીમાં ખેલૈયાઓને અદભૂત આનંદની અનુભૂતિ કરાવતા હોય છે. જ્યાં જ્યાં ગુજરાતી વસે ત્યાં ત્યાં ગુર્જરીની અસ્મિતા જોવા મળે. દેશ-વિદેશમાં ફેલાયેલા ગુજરાતીઓ ત્યાંના બનીને રહે છે. તે પણ ગુજ્જુઓની એક વિશિષ્ટતા છે.

ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે. આ જ કારણ છે કે આપણો આ દેશ આખું વર્ષ ખુશીઓથી ભરેલો રહે છે. ભિન્ન ભાષા અને ભિન્ન ક્ષેત્ર હોવા છતાં આ શ્રદ્ધા જ દરેકને એક છત હેઠળ લાવે છે. નવરાત્રીએ આસ્થાનો ઉત્સવ છે. નવ દિવસ સુધી ચાલતો આ તહેવાર દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. ગલી-ગલીમાં દેવી દુર્ગાની મૂર્તિનું સ્થાપના કરવામાં આવે છે.

નવરાત્રી એટલે ગુજરાતી લોકોનો મનપસંદ તહેવાર. લો ત્યારે આવી ગઈ છે રૂડી નોરતાની રાત. એ નવલી નવ રાતની જેની આખું વર્ષ ગુજરાતીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. નવરાત્રી એટલે તો શક્તિની ભક્તિનો અવસર. નવરાત્રી એટલે તો જગદંબાની ઉપાસનાનો અવસર. નવરાત્રી એટલે તો જગતજનનીના ગુણલાં ગાવાનો અવસર અને ગરબે ઘુમવાનો અવસર. આપણે આદ્યશક્તિના અલગ અલગ નવ સ્વરૂપોનું નવરાત્રીમાં આવાહન કરતા હોઈએ છીએ. દેવીને રોજ ખાસ નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે.



ગુજરાતની પોળ, શેરી કે સોસાયટીમાં વર્ષો સુધી ગરબા રમ્યાં હોય, મિત્રો-બહેનપણીઓ સાથે મોડી રાત સુધી ગરબાની રમઝટ બોલાવી હોય એ બધું પરદેશની ભૂમિ પર યાદ આવે, ત્યારે પોતાની ભૂમિ અને સંસ્કૃતિથી વિખૂટા પડી ગયા હોય એવું લાગે ? નવરાત્રી નજીક આવી રહી છે. ત્યારે પરદેશમાં વસતાં કેટલાક ગુજરાતીઓને ગુજરાતના ગરબાની ખોટ કેટલી સાલે છે તે વિશે અહીં મારા મિત્ર જણાવે છે કે, ગુજરાતમાં તો નવરાત્રિના નવે નવ દિવસ ખેલૈયાઓ જબરજસ્ત ઉત્સાહ-ઉન્માદમાં હોય ત્યારે પરદેશમાં રહેતાં સ્વદેશીઓને પણ 'આપણા મલકની' નવરાત્રી તો જરૂર યાદ આવે જ. 'જોબનિયાને હાથની હથેળીમાં રાખી' અહીં જેમણે વર્ષો સુધી નવરાત્રીના ગરબાની રમઝટ માણી હોય, પછી પરદેશમાં રહેવાનું થાય ત્યારે ભાગ્યે જ કોઈ એવો ગુજરાતી હશે, જેને અહીંની નવરાત્રીની ખોટ ન સાલતી હોય. માત્ર ગરબા જ શા માટે, નવરાત્રી પહેલાં બહેનપણી અને મિત્રો સાથે ફરી-ફરીને કરેલી કપડાં અને ઘરેણાંની ખરીદી, ક્યાં રમવા માટે જવું, ક્યાં ન જવું તેનું આયોજન. બહેનપણી સાથે ચણિયા ચોળીની કરેલી અલદા-બદલી, નવ દિવસ સતત રાતભર બોલોવેલી ગરબાની રમઝટ

અને એ દરમિયાન થતાં ઈશારા અને હૈયાની વાતો, છેલ્લા નોરતે ગરબા પત્યા પછી વહેલી સવારે માણેલી ફાફડા-જલેબીની લિજ્જત. આ બધું ત્યાં વિદેશમાં તો કેવી રીતે મળે! અહીં બધા એન.આર.આઈ. એક જ સૂરમાં કહે છે કે ગરબા તો વિદેશમાં પણ થાય છે, પણ ગુજરાત જેવા તો નહીં.... નહીં... ને નહીં.... જ.... !!!

નવરાત્રી નજીક આવી રહી હોય ત્યારે મન થોડું બેચેન બની જાય અને મનમાં થાય ગુજરાતમાં હોત તો અત્યારે નવરાત્રીની તૈયારીઓ કરતાં હોત. અમને ગરબા રમવાનો ખૂબ જ શોખ છે. છેલ્લાં બે વર્ષથી ત્યાંની નવરાત્રી માણી નથી. અહીં ગરબા હોલમાં થાય છે. એક જ દિવસ જઈ શકાય સવારે રોજ રોજ તો ફાવે નહીં. મન કહે ગુજરાતમાં હોત તો મિત્રો સાથે ક્યા પાર્ટી પ્લોટમાં જવું તેની ચર્ચામાં જ દિવસો પસાર થતાં હોત અને રાત્રે ગરબામાં 'કૂકડા તારી બોલી' પર મિત્રો સાથે મજા માણતાં હોત. ઓમાન, મસ્કત (દુબઈ) માં ગરબા રમવાનું તો આજે પણ યાદ છે. છેલ્લા આઠ વર્ષથી મારો ગરબા રમવાનો શોખ પૂરો થતો નથી. અહીં ગુજરાતના ગરબા જેવો આનંદ નથી કેમ કે અહીં ગુજરાતી હોલમાં ગરબા રાખે છે. જો કે હવે ગુજરાતના કલાકારો ગરબા ગાવા માટે આવે છે તેથી થોડું ભારત જેવું વાતાવરણ લાગે પણ અહીંયા હું મારા મિત્રોને અને ગરબાના નવા નવા સ્ટેપ્સને ખૂબ મિસ કરું છું. ઘણીવાર તો ઘરમાં જ ગરબાની કેસેટ વગાડીને ઝૂમી લઉં છું. હું ત્રણ વર્ષ પહેલાં નવરાત્રીમાં ભારત આવ્યો હતો ત્યારે મારા સ્કૂલ અને કોલેજના મિત્રોની સાથે નવરાત્રીની ખૂબ મજા માણી હતી.

ગુજરાતમાં ગરબા રમવાની જે મજા છે એ પરદેશમાં રહેતા કોઈપણ ગુજરાતીઓને યાદ આવે જ છે. દેશમાં હોઈએ કે પરદેશમાં ગરબાની મજા તો જળવાઈ રહેવી જોઈએ. મારે ગમતો ગરબો છે 'આવતાં-જતાં જરા નજર તો નાખતાં જજો.... બીજું કંઈ નહીં પરંતુ કેમ છો કહેતાં જજો....' મારા મિત્રો જ્યારે પણ ફોન કરે ત્યારે આજ ગરબો ગાઈને વાતોની શરૂઆત કરે છે.

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને પગલે નવરાત્રી પર નિર્ભર ઉત્પાદકો-વેપારીઓ પર ઉપાધિના વાદળો ઘેરાયા હતાં. પરંતુ આ વર્ષે કોરોનાના ગ્રહણ વગર નવરાત્રી ધામધૂમથી ઉજવાય તેવા સંજોગો દેખાય રહ્યા છે. એની ચમક બે વર્ષ પછી ફરી નવરાત્રીના તહેવાર પર નિર્ભર ટ્રેડિશનલ કપડા અને ટ્રેડિશનલ સાજ-શણગારના વ્યવસાયમાં જોવા મળી રહ્યો છે. આ વ્યવસાયના ઉત્પાદકોને આ વર્ષે સારી કમાણીની સોનેરી આશા બંધાઈ છે.


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

# નવરાત્રિ ઉત્સવ દર્શન

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

આપણાં ભારત દેશ પાસે સંસ્કૃતિની મહાન દિવ્ય ઉત્સવ દર્શનની ભવ્ય પરંપરા છે. વિષ્ણુને અલંકાર પ્રિય છે. શિવજીને જલધારા પ્રિય છે. સૂર્યને નમસ્કાર પ્રિય છે. તેમ જ મા જગદંબાને શક્તિ પ્રિય છે. તેથી મા જગદંબાને આદ્યશક્તિનું માન પ્રાપ્ત થયું છે. અને માનવીને ક્યારેક આવતા ઉત્સવો પ્રિય છે. ઉત્સવોમાં પ્રેરણા અને શ્રેયનો સમન્વય છે. તેથી ઉત્સવો ઉલ્લાસ પૂર્ણ બની રહે છે. ઉત્સવને યથા સ્થિતિ ઉજવીએ તો ભાવ પ્રાકૃતિક હોય છે અને ઉત્સવની પાછળ રહેલા ભાવાર્થને સમજીને ઉત્સવ ઉજવીએ એમાં આપણી સંસ્કૃતિ ની શ્રેષ્ઠતા છે. જેમ દહીં મધુર છે, મધ મધુર છે કીસમીસ મધુર છે. અમૃત ઉચ્ચતમ સ્થાને છે તેમ મનુષ્યનું મન શ્રેષ્ઠતમ છે. જેનું મન જ્યાં લાગી જાય તે તેને માટે મધુર છે. ઉત્સવો કોઈ એક વિશિષ્ટ વ્યક્તિ કે વર્ગને નહીં પરંતુ સર્વને ગમે છે. સૌને મધુર લાગે છે. તેથી જ તે સર્વ ગ્રાહ્ય અને સાર્વજનિક બન્યા છે. ઉત્સવો આપણને ગમે છે કારણ કે તે આપણને રોજીંદા જીવનમાંથી અલ્પકાલિન મુક્તિ આપે છે. શુષ્ક જીવન વ્યવહારનાં બોજા તળે ઘેરાયેલા માણસને મુક્ત શ્વાસ, ખુશીનાં સ્પંદનોનો સ્પર્શ પહોંચાડે છે. મન મુક્ત ઉડ્ડયન કરી લે છે. ઉત્સવો પ્રેરક હોય છે. માર્ગદર્શક હોય છે. આપણાં પ્રત્યેક ઉત્સવ પાછળ ઘટનાઓની સત્યતા હોય છે પરંતુ ફક્ત સત્યતાનાં સદ્‌વિચાર હોવા એ પૂરતું નથી. તેનું રક્ષણ થવું પણ જરૂરી છે અને તે માટે શક્તિની ઉપાસના આવશ્યક છે. દૈવી વિચારો ટકાવવા, તેનું રક્ષણ કરવા સામર્થ્યની જરૂર છે. તેથી મા જગદંબા- જગદ્‌જનની મા ની ઉપાસના કરી આસુરી વૃત્તિને ડામવાનાં દિવસો એટલે નવરાત્રિનાં દિવસો...! આદ્યશક્તિ 'મા દુર્ગા-અંબા મા' ની શક્તિનાં સંચારના દિવસો. શક્તિની ઉપાસનાનાં દિવસો... આસો મહિનામાં આવતા આ નવરાત્રી ઉત્સવ પાછળની રાક્ષસ મહિષાસુર ની કથા તો સર્વને જ્ઞાત હશે જ તેથી તેનાં ઉંડાણમાં ન જઈએ ! પરંતુ એટલું તો જાણીએ જ કે મહિષાસુર રાક્ષસે પોતનાં સામર્થ્યનાં જોરે બધા દેવો તેમજ મનુષ્યોને 'ત્રાહી મામ' પોકારતા કરી મુક્યા હતા. દૈવી વિચારોની પ્રભા ઝાંખી થઈ હતી. દેવતાઓએ બ્રહ્મા-વિષ્ણુ-મહેશની આરાધના કરી. દૈવી આરાધનાથી આદ્યદેવો એ એક દૈવી શક્તિનું નિર્માણ કર્યું. દેવોએ પોતાનાં દિવ્ય આયુધોથી દૈવી શક્તિને મંડિત કરી. આ દૈવી શક્તિ જ આદ્યશક્તિ 'જગદ્ જનની મા જગદંબા' આ દૈવી શક્તિ એ નવ દિવસનાં અવિરત યુધ્ધ પછી મહિષાસુરને હણ્યો અને આસુરી વૃત્તિ પર વિજય પતાકા લહેરાવવાનો ઉત્સવ મનુષ્ય માટે પ્રેરણાદાયી બન્યો. માનવીનાં હ્રદયમાં વસેલી આસુરી શક્તિને નાથી. દૈવી શક્તિની આરાધના કરવાની પ્રેરણા એટલે નવરાત્રીનાં નવ દિવસો. ઉમંગ અને ઉલ્લાસ ભરેલા ગરબા રમવાનાં દિવસો. વેદ શાસ્ત્રમાં પણ શક્તિની ઉપાસનાને ખૂબ જ મહત્વ આપ્યું છે. આપણે બ્રાહ્મણ વિદ્યાથી આરાધના ન



કરી શકીએ પરંતુ સીધી સાદી સમજણથી તો મા દુર્ગાની આરતી ઉતારી ઉત્સવને આવકારી શકીએ. કાચી માટીનાં કાણાં વાળા માટલા કે ઘડા એમાં નવ દિવસ અખંડ દિવડો જેને આપણા 'ગરબો' કહીએ છીએ. ગરબાની પાછળ વ્યાખ્યા એ છે ગરબો શબ્દના મૂળમાં એટલે કે root માં ગર્ભ શબ્દ સમાયેલો છે. માટી અને ઘડો સર્જનના એટલે કે Creation ના પ્રતિક છે. માટલામાં જ્વારાનું રોપણ કરાય છે. ધાન્યનું પુજન થાય છે. આની પાછળ લીલીછમ ધરતી મા ની હરિયાળી તેમજ સૃષ્ટિની સર્જન પ્રક્રિયાનો આનંદ છે. આ આનંદને આવકારાય છે. આપણાં દેશમાં વિવિધ ભાષા તેમજ વિવિધ પ્રજા છે. પ્રત્યેક પ્રજાનો પ્રત્યેક ઉત્સવ માટે પોતાની આગવી પ્રથા હોય છે. આગવું લોક નૃત્ય તેમજ આગવું લોક સંગીત હોય છે.

ભગવાન શ્રી કૃષ્ણ યોગેશ્વર હતા. સૌ પ્રથમ રાસની રચના તેમણે કરી હતી. પૂનમની ચાંદની અને રેલાતા એમની મુરલીનાં મધુર સ્વર સંભળાતા જ વ્રજની ગોપીઓ ભાન ભૂલી રાસ રમવા દોડી આવતી. ત્યારબાદ વ્રજ અને મથુરા છોડી શ્રી કૃષ્ણએ સૌરાષ્ટ્રનાં દ્વારકામાં નિવાસ કર્યો ત્યારથી રાસ-ગરબા સૌરાષ્ટ્રનું - ગુજરાતીઓનાં લોક નૃત્ય બની ચૂક્યા છે.

પ્રભુ શ્રી કૃષ્ણનાં પ્રત્યેક કાર્ય પાછળ કંઈ ને કંઈ આધ્યાત્મ જગતને લગતું રહસ્ય અવશ્ય રહેતું. રાસલીલા પાછળ બ્રહ્માંડનું રહસ્ય છુપાયેલું છે. આ નૃત્ય બ્રહ્માંડ અને આપણી સૂર્યમાળાનું પ્રતિક છે. સૂર્યદેવની ફરતે બીજા ગ્રહો એક સરખી ગતિમાં ચકરાવા લે છે. હાલનાં સમયનાં વૈજ્ઞાનિકોએ પણ જાણ્યું છે અને એમને આશ્ચર્ય થયું છે. અણુ પરમાણુઓ એક બીજાની આસપાસ નિયમિત ગતિમાં ચકરાવા લે છે. આ અટપટું વિજ્ઞાન આપણાં જેવા સામાન્ય માણસને સમજાય એ માટે શ્રી કૃષ્ણ એ રાસની રચના કરી. સૂર, તાલ અને દાંડીયાને સથવારે યુવાનો અને યુવતીઓ ગોળ-ગોળ ફરતા સમુહ નૃત્યના પડઘા પાડે એને 'રાસ' કહેવાય છે. જ્યારે તાળીઓનાં તાલે આદ્યશક્તિ ફરતે થતા નૃત્યને ગુજરાતમાં 'ગરબો' કહેવાય છે. વૈદિક સંસ્કૃતિમાં પ્રત્યેક ઉત્સવો સાથે જોડાયેલી ક્રિયાઓમાં વિવેક અર્થ પણ જોડાયેલો હોય છે. ગરબા નૃત્ય પાછળ તો જીવનનાં મહામૂલ્ય રત્ન સમાન સમજણ છૂપાયેલી છે. નૌરાત્રીનાં નવ દિવસ ગરબામાં દિવડો પ્રગટે છે અને એ દિવડાનો પ્રકાશ સૂર્યદેવનું પ્રતિક છે. કાણામાંથી પ્રકાશ બહાર રેલાય છે. સ્ત્રી-પુરુષ મા શક્તિની આરતી વંદના કરી દિવડો પ્રગટાવી હર્ષોલ્લાસ દર્શાવતા પ્રદક્ષિણા કરતા નૃત્ય કરે છે.

ગરબા નૃત્ય પાછળ જીવનનાં મહામૂલ્ય રત્ન સમાન બીજો એક ગુઢાર્થ પણ સમજાવાયેલો છે. સમજણ એ છે કે જ્યાં હજારો યુવક-યુવતીઓ એક સાથે ગરબા નૃત્ય કરતા હોય અને ક્યારેય આકસ્મિક ઘસારો કે નાસભાગ ન થાય એવું કેવી રીતે બને. આપણે તો જાણીએ છીએ કે જ્યાં ભીડ હોય ત્યાં 'લય' ન હોય. નાશભાગ, ધક્કામુકી હોય પરંતુ આજ સુધી ગરબાની રમઝટમાં (Stampade) થયું હોય એવું ક્યારેય સાંભળ્યુ છે ? જવાબ છે 'ના' કારણ કે નૃત્ય કરતાં બધા જ એકબીજાનાં તાલ સાથે તાલ મિલાવીને નૃત્ય કરતા હોય છે. જીવનની ઉચ્ચતમ શીખ આ જ છે. જીવનમાં પરિવાર કે બીજા સભ્યો સાથે એકબીજાનાં તાલે તાલ મિલાવીને જીવીએ. તો ક્યારેય અશિસ્ત અથવા અવિચારી વ્યવહાર ન થાય. બીજી મહત્વની વાત એ છે કે રાસ રમતા દાંડિયા લાકડી ને એક આકાર આપી બનાવાય છે. એકલા રમવામાં આનંદ ન હોય. બે વ્યક્તિઓ સામસામે રમે એમાં જ આનંદ છે. સામસામે આનંદથી રમાતી રમત એક સુંદર દ્રશ્ય છે અને શીખ પણ છે. જીવન નૈયા સાથે સાથે આનંદથી પાર કરો.

જ્યારે ગરબા તાળી પાડી રમાય છે. એક તાળી કે ત્રણ તાળીથી મા અંબેની ગોળ ફરતે નૃત્ય થાય છે. ગરબો એકલા પણ રમાય છે અને સમુહમાં પણ રમાય છે. એકલા રમવાની શીખ પણ એટલી જ મહત્વની છે. એકલા હોઈએ ત્યારે એકલા ગરબે ઘૂમતા મન મા અંબાને અંતર ભાવથી પ્રાર્થીયે. પ્રાર્થનાનો શબ્દ ભાવ એ હોય છે. મા મને બળ આપો, પ્રકાશ આપો, પ્રજ્ઞા આપો. મા અંબે કે મા જગદંબે કે મા દુર્ગા અલગ પ્રજાઓની અલગ ભાષાનાં શબ્દોથી વર્ણવાય છે. નામ જુદા પરંતુ આદ્યશક્તિ એક જ સ્વરૂપ. તાળી પાડી ગરબે ઘૂમવામાં બીજો પણ એક મહત્વનો ભાવ છૂપાયેલો છે. દા.ત. ક્યારે પણ કોઈ સ્પર્ધા કે ભણતરમાં વિજય પ્રાપ્ત થાય તો દુનિયાભરની પ્રજાઓ તાળીઓનાં ગડગડાટ થી વિજેતાને પ્રોત્સાહિત કરે છે. તાળી માન - સન્માનનું પ્રતિક છે. વિજયાદશમી ને દિવસે પ્રભુ શ્રી રામે રાવણની આસુરી શક્તિ પર ની વિજય પતાકા ગામવાસીઓએ હર્ષોલ્લાસથી લહેરાવી અને એ જ પ્રક્રિયા આપણે આદ્યશક્તિને વંદન કરતા આનંદની ધ્વજા તાળીઓનાં તાલ સાથે ગીતોની રમઝટ સાથે લહેરાવીએ છીએ.

**'યા દેવી સર્વ ભુતેષુ મા શક્તિરુપેણ સંસ્થિતા।**
**નમસ્તસ્યૈ : નમસ્તસ્યૈ : નમસ્તસ્યૈ નમો નમ : ।।**

આ સંસ્કૃત શ્લોકથી ભાવ પ્રાર્થના કરી શક્તિ ઉપાસના કરી દૈવી શક્તિને આજીજી કરી શકીએ કે જીવાતા જીવનમાં કદાપી આસુરી શક્તિ જીત પ્રાપ્ત ન કરી શકે. ગરબે ઘુમતા ગીત ગાઈ મા ને વધાવીએ, 'કુમકુમનાં પગલાં પડયાઃ માડી તારા હેત ઝર્યા' માડી તારા ભાવલયની શબ્દ - સંગતિથી અમારા જીવનમાં લાગણીની પુનઃવ્યવસ્થા સદીઓ સુધી જળવાઈ રહે.

આજનું ખરૂ તિર્થ-સ્થાન એટલે 'મા તારી પવિત્ર આદ્ય શક્તિ.'

With Best Compliments from :

**Dr. Aashish Mody**
M.S., D.N.B., M.N.A.M.S., F.C.P.S.D.N.B.



**Dr. Rajat Mody**
M.S.

# AASHISH NURSING HOME AND LAPAROSCOPIC SURGERY CENTRE

B/106, Shroff Apt., Sodawala Lane, Borivali (West), Mumbai - 400092
& Hospital : 28904405 | Mobile : 9821392920

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

# નવરાત્રીના પવિત્ર પર્વ પર માં અંબેના નવ રૂપની અને રંગોની વિશિષ્ટતા.....

**- તંત્રી મંડળ તરફથી**

નવરાત્રી આદ્યશક્તિ મા અંબાની ઉપાસનામાં ઉજવવામાં આવે છે. જેનાં ઘણાં રૂપો છે. દેવી એ શક્તિનું રૂપ છે. જે બુરાઈનો નાશ કરે છે. શિવની પત્ની પાર્વતીનાં પણ ઘણાં રૂપો છે.



નવરાત્રી એ એકતા અને અસત્ય પર સત્યના વિજયના પ્રતીકરૂપે ઉજવાય છે. નવરાત્રી ઉત્સવ માનવીનો પોતાની ભૂલો સમજીને તેને સુધારવાની તક આપે છે. માનવીય સ્વભાવમાં ત્રણ પ્રકારના ગુણો આવેલા છે. પ્રથમ તમો ગુણ, બીજી રજો ગુઅ અને ત્રીજો સત્વ ગુણ. આ ત્રણેય ગુણો પર વિજય મેળવવા માટે માતાની શક્તિની આરાધના કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન શ્રધ્ધાળુઓ માતાને રાજી કરવા માટે અને દુનિયામાં શાંતિ અને સદ્ભાવનાનું વાતાવરણ બનેલું રહે તે માટે પ્રાર્થના કરે છે. દશમાં દિવસે અસત્ય પર સત્યની જીતના પ્રતીક રૂપે વિજયા દશમીનો તહેવાર ઉજવવામાં આવે છે.

નવરાત્રી એક એવો તહેવાર છે જેમાં માતાના નવરૂપનું પૂજન કરવામાં આવે છે. આમ તો હિન્દુ ધર્મમાં મુખ્યત્વે ગણપતિ, મહાદેવ, ભગવાન વિષ્ણુ, સૂર્ય, આદ્યશક્તિ મા દુર્ગા વગેરેનું સ્થાન ઉપર છે. દરેક જીવાતમાંના જીવનમાં પિતા કરતાં માતાનું સ્થાન ઊચું હોય છે. પિતા કરતાં માતાનું મહત્વ પણ વધુ હોય છે. માતા એ જનની છે. બાળકનું પાલન-પોષણ કરે છે. માતા જ બાળકને સંસ્કાર પણ આપે છે. તેવી જ રીતે હિન્દુ ધર્મમાં પણ માતાની ઉપાસનાનું વિશેષ મહત્વ છે.

**ૐ શક્તિ ૐ શક્તિ ૐ શક્તિ ૐ**

**બ્રહ્મશક્તિ, વિષ્ણુશક્તિ, શિવશક્તિ ૐ**

**આદિશક્તિ, મહાશક્તિ, પરાશક્તિ ૐ**

**ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ ૐ**

નવરાત્રીના પવિત્ર પર્વ પર માં અંબેના નવ રૂપની આરાધના કરવામાં આવે છે. તેથી આ તહેવાર નવ દિવસ સુધી ઉજવવામાં આવે છે. વેદ પુરાણમાં અંબે માં ને શક્તિનું રૂપ માનવામાં આવે છે. જે અસુરોથી આ સંસારની રક્ષા કરે છે. નવરાત્રીના સમયે માં ના ભક્તો પોતાના સુખી જીવન માટે સમૃદ્ધિની કામના કરે છે. આવો જાણીએ કે માં અંબેના નવ રૂપ કયા કયા છે (૧) માતા શૈલપુત્રી (૨) માતા બ્રહ્મચારિણી (૩) માતા ચંદ્રઘટા (૪) માતા કુષ્માંડ (૫) માતા સ્કંદમાતા (૬) માતા કાત્યાયની (૭) માતા કાલરાત્રિ (૮) માતા મહાગૌરી (૯) માતા સિદ્ધિયાત્રી.

**નવરાત્રીનો પહેલો દિવસ માતા શૈલપુત્રી**નો હોય છે. નવરાત્રીના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા થાય છે. મા પાર્વતી માતા શૈલપુત્રીનું જ સ્વરૂપ છે અને હિમાલય રાજાની પુત્રી છે. માતા નંદીની સવારી કરે છે તેમના જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળનું ફૂલ છે. નવરાત્રીના પહેલા દિવસે ઘટસ્થાપના પૂજનનું પણ વિધાન છે.

**નવરાત્રીનો બીજો દિવસ માતા બ્રહ્મચારિણી**ના નામે છે. આ દિવસ માઁ બ્રહ્મચારિણીને સમર્પિત છે. માતા

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

norisys®

Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.



**Authorised Distributors:**

DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

બ્રહ્મચારિણી માતા દુર્ગાનું બીજું સ્વરૂપ છે. એવું કહેવામાં આવે છે કે જ્યારે માતા પાર્વતી અપરિણિત હતા ત્યારે તેમને બ્રહ્મચારિણિના રૂપે ઓળખવામાં આવતા હતા. જો માતાના આ રૂપનું વર્ણન કરીએ તો તેમને શ્વેત વસ્ત્ર ધારણ કરેલા છે. તેમના એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં જપમાળા છે. દેવીનું સ્વરૂપ અત્યંત તેજ અને જ્યોતિમર્ય છે. જે ભક્ત માતાના આ રૂપની આરાધાના કરે છે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**નવરાત્રીનો ત્રીજો દિવસ માતા ચંદ્રઘંટા**નાં નામે ઓળખાય છે. આ દિવસે માતા ચંદ્રઘંટાની પૂજા કરવામાં આવે છે. પૌરાણિક કથા મુજબ એવું માનવામાં આવે છે કે મા પાર્વતી અને ભગવાન શિવના વિવાહ દરમિયાન તેમનું આ નામ પડયું હતું. શિવના માથા પર અડધો ચંદ્ર છે જે આ વાતની સાક્ષી છે.

**નવરાત્રીનો ચોથા દિવસે મા કુષ્માંડા**ની આરાધના થાય છે. શાસ્ત્રોમાં માતાના રૂપનું વર્ણન કરતાં જણાવવામાં આવ્યું છે કે માતા કુષ્માંડા સિંહની સવારી કરે છે અને તેમની આઠ બાજુઓ છે. પૃથ્વી પર થનારી લીલોતરી માતાના આ સ્વરૂપના લીધે છે.

**નવરાત્રીનો પાંચમો દિવસ માં સ્કંદ માતા**ને સમર્પિત છે. આ પાંચમાં દિવસે માં સ્કંદ માતાની પૂજા છે. પૌરાણિક શાસ્ત્રો મુજબ ભગવાન કાર્તિકેયનું એક નામ સ્કંદ પણ છે. સ્કંદની માતા હોવાને લીધે માતાનું આ નામ પડયું છે. તેમની ચાર બાજુઓ છે. માતા પોતાના પુત્રને લઈને સિંહની સવારી કરે છે.

**નવરાત્રીના છઠ્ઠ દિવસે માતા કાત્યાયની**ની પૂજા થાય છે. માતા કાત્યાયની દુર્ગાનું સ્વરૂપ છે અને નવરાત્રીના છઠ્ઠા દિવસે માતાના આ રૂપને પૂજવામાં આવે છે. માતા કાત્યાયની સાહસનું પ્રતિક છે. તે શેર પર સવાર હોય છે અને તેમની ચાર બાજુઓ છે.

**નવરાત્રીના સાતમા દિવસે માતા કાલરાત્રિ**ની પૂજા થાય છે. નવરાત્રીનો સાતમો દિવસ માતાના ઉગ્ર રૂપે કાલરાત્રિની આરાધનાનું હોય છે. પૌરાણિક કથા મુજબ એવું પણ કહેવામાં આવે છે કે જ્યારે માતા પાર્વતીએ શુમ્ભ-નિશુંમ્ભ નામક બે રાક્ષસોનો વધ કર્યો હતો, ત્યારે તેમનો રંગ કાળો થઈ ગયો હતો.

**નવરાત્રીના આઠમાં દિવસે માતા મહાગૌરી**ની આરાધના થાય છે. માતાનું આ રૂપ શાંતિ અને જ્ઞાનની દેવીનું પ્રતીક છે.

**માતા સિદ્ધિયાત્રી માટે નવરાત્રીનો અંતિમ દિવસ** સમર્પિત છે. નવરાત્રીના અંતિમ દિવસે માતા સિદ્ધિદાત્રીની આરાધના થાય છે. એવું કહેવામાં આવે છે કે જે કોઈપણ માતાના આ સ્વરૂપની આરાધના સાચા મનથી કરે છે તેને દરેક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.


# Dr. Rita Gandhi

Holistic Wings

**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

માતા સિદ્ધિદાત્રી કમળના ફૂલ પર વિરાજમાન છે અને તેમની ચાર બાજુઓ છે.

**નવરાત્રીના વિવિધ રંગો અને તેનું મહત્વ.....**

પ્રથમ નવરાત્રિએ માતા શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. આ દિવસે પીળો રંગ પહેરવો શુભ ગણાય છે તેથી આ દિવસની પૂજા પીળા કપડાં પહેરીને કરવી જોઈએ.

બીજા નોરતાના દિવસે બ્રહ્મચારિણીની પૂજા કરવામાં આવે છે. આ દિવસનો રંગીલો હોવાથી આ દિવસની પૂજા લીલા રંગના કપડાં પહેરીને કરવી જોઈએ. તેમાં જો ડાર્ક ગ્રીન હોય તો વધારે સારું રહેશે.

નવરાત્રીના ત્રીજા દિવસે આછા આસમાની રંગના કપડા પહેરવા જોઈએ. મા ચંદ્રઘટાનું પૂજન કરતી વખતે કોઈપણ રંગના વસ્ત્રો પહેરી શકાય છે.

નવરાત્રીના ચોથા દિવસે નારંગી રંગના કપડાં પહેરીને કુષ્માંડા દેવીની પૂજા કરવાથી સુખ-સમૃદ્ધિમાં વધારો થાય છે.

પાંચમા દિવસે ભક્તોની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરનાર માતાનું પૂજન સફેદ રંગના વસ્ત્ર પહેરીને કરવું જોઈએ. સ્કંદમાતા ભાગ્યનું દ્વાર ખોલી આપનાર માતા તરીકે પણ ઓળખાય છે.


છઠ્ઠા દિવસે કાત્યાની મા નું પૂજન લાલ રંગના કપડાં પહેરીને કરવું.

સાતમા નોરતે કાલરાત્રિ માતાનું પૂજન થાય છે. આ દિવસે વાદળી રંગ પહેરવું શુભ ગણાય છે.

આઠમે દિવસે મહાગૌરીની પૂજા કરતી વખતે ગુલાબી રંગ શુભ રહે છે. અષ્ટમીની પૂજા વખતે અને કન્યાઓને જમાડતી વખતે પણ ગુલાબી કપડા જ પહેરવા જોઈએ.

નવમા નોરતે સિદ્ધિદાત્રી માતાની પૂજા થાય છે. તેમને બેંગન રંગ પ્રિય હોવાથી તે રંગે પૂજા થાય છે. H

# ગરબા



## મારે વૃંદાવન છે રૂડું

મારે વૃંદાવન છે રૂડું, વૈકુંઠ નહીં રે આવું,
નહી આવું ઓ નંદજીના લાલ રે, વૈકુંઠ નહીં રે આવું...ટેક
બેસી રે રહેવું મારે, ટગ ટગ જોવું (૨)
મારે નહીં ખાવું કે પીવું, ઓ નંદજીના લાલ રે...
મારે વૃંદાવન છે રૂડું,
સ્વર્ગના લોક મને લાગે છે કૂંડાં (૨)
વૃજના લોક મારે છે રૂડા, ઓ નંદજીના લાલ રે...
મારે વૃંદાવન છે રૂડું,
વનમાં મોકલો તો એકલો જ મોકલો (૨)
આવીશ સૌથી પહેલો, ઓ નંદજીના લાલ રે...
મારે વૃંદાવન છે રૂડું,
નરસિંહ મહેતાના ઓલા સ્વામી શામળિયા...(૨)
તમે સાંભળો સારંગપાણિ, ઓ નંદજીના લાલ રે...
મારે વૃંદાવન છે રૂડું,

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં,
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યા..ટેક
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠા.... વાદલડી...
મારા હાથ કેરો ચૂડલો રે, વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠા.... વાદલડી...
મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠા.... વાદલડી...
મારા નાક કેરી નથણી રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠા.... વાદલડી...
વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં,
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યા.

# સંવત ૨૦૭૮ (૨૦૨૨) ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવા, ખરીદવાના તથા લક્ષ્મીપૂજન તથા શારદાપૂજન ના મુહૂર્તો

શ્રી ગોપાલ ભટ્ટ (ગોર) - ૯૮૨૦૫૨૮૦૨૨

M **દશેરા : સંવત ૨૦૭૮ આસો સુદ ૧૦ ના બુધવાર તા. ૦૫-૧૦-૨૦૨૨**
**ચોઘડીયા - અમૃત** : સવારે ૦૮.૦૧ થી ૦૯.૩૦, **શુભ** : સવારે ૧૦.૫૯ થી ૧૨.૨૮, **ચલ** : બપોરે ૦૩.૨૬ થી ૦૪.૫૫, **લાભ** : સાંજે ૦૪.૫૫ થી ૦૬.૨૩.

M **પુષ્ય નક્ષત્ર : ચોપડા ખરીદવા ઓર્ડર આપવાનો શુભ દિવસ : આસો સુદ ૦૭ ના મંગળવાર તા. ૧૮-૧૦-૨૦૨૨**
**ચોઘડીયા - ચલ - લાભ-અમૃત** : સવારે ૦૯.૩૦ થી ૦૨.૦૦, **શુભ** : બપોરે ૦૩.૦૦ થી ૦૪.૩૦





M **ધનતેરસ : શ્રીયંત્ર - ધનવંતરી પૂજન - ચોપડા લાવવા - ગાદી બિછાવવી - લક્ષ્મીપૂજન મુહૂર્ત : આસો સુદ ૧૩ ના શનિવાર તા. ૨૨-૧૦-૨૦૨૨.**
**ચોઘડીયા - શુભ** : સવારે ૦૮.૦૩ થી ૦૯.૩૦, - **ચલ** : બપોરે ૧૨.૨૪ થી ૦૧.૫૦, **લાભ** : બપોરે ૦૧.૫૦ થી ૦૩.૧૭, **અમૃત** : બપોરે ૦૩.૧૭ થી ૦૪.૪૪, **સાંજે** : ૦૬.૦૧ થી ૬.૩૦ (ગોરજ સમય), **લાભ** : ૦૬.૧૧ થી ૦૭.૪૪, **શુભ** : રાત્રે ૦૯.૧૭ થી ૧૦.૫૧, **ચલ** : રાત્રે ૦૦.૨૪ થી ૦૧.૫૭

M **દિવાળી : સંવત ૨૦૭૮ દિવાળી, લક્ષ્મીપૂજન, ચોપડા પૂજન, શારદા પૂજન આસો વદ અમાસ સોમવાર, તા.૨૪-૧૦-૨૦૨૨**
**અમૃત** : સવારે : ૦૬.૩૭ થી ૦૮.૦૪, **શુભ** : સવારે : ૦૯.૩૦ થી ૧૦.૫૭, **ચલ** : બપોરે ૦૧.૫૦ થી ૦૩.૧૬, **લાભ** : બપોરે ૦૩.૧૬ થી૦૪.૪૩, **અમૃત** : સાંજે ૦૪.૪૩ થી ૦૬.૦૧, **ચલ** : સાંજે ૦૬.૦૯ થી ૦૭.૪૩, **લાભ** : રાત્રે ૧૦.૫૦ થી ૦૦.૨૩.

M **નૂતન વર્ષ : સંવત ૨૦૭૯ ચોપડામાં મિતિ નાખવી તથા ગુરુના - વડીલોના આર્શિવાદ પામવા માટે કારતક સુદ - ૧, બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૨૨**
**લાભ - શુભ** : સવારે : ૦૬.૩૦ થી ૦૯.૩૦, **શુભ** : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦, **ચલ - લાભ** : બપોરે ૦૩.૦૦ થી સાંજે ૦૬.૦૦.

M **લાભ પાંચમ : સંવત ૨૦૭૯ કારતક સુદ - ૫, બુધવાર, તા. ૨૯-૧૦-૨૦૨૨**
**શુભ** : સવારે : ૦૮.૦૫ થી ૦૯.૩૧, **ચલ** : બપોરે ૧૨.૨૩ થી ૦૧.૪૯, **લાભ** : બપોરે ૦૧.૪૯ થી ૦૩.૧૫, **અમૃત** : બપોરે ૦૩.૧૫ થી ૦૪.૪૧, **લાભ** : સાંજે ૦૬.૦૭ થી ૦૭.૪૧.

## રંગોળી સંકલન

# તાઈવાન

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લટ્ટાપારેખ)

તાઈવાન મેઈનલેન્ડ ચાઈનાનો એક પ્રાંત છે. તે મૂળ એક જ્વાળામુખી ટાપુ છે. તે જ્વાળામુખીની પ્રવૃતિ ધરાવતા વિસ્તારમાં સ્થિત હોવા છતાં, તેના પર જ્વાળામુખી ફાટી નીકળવાનો દર દક્ષિણપૂર્વ એશિયાના અન્ય દેશોની સરખાણીમાં ઓછો છે.

તાઈવાનની કુદરતી આબોહવાની પરિસ્થિતિને કારણે વિશ્વના ઘણા દેશોના પ્રવાસીઓ માટે તીર્થસ્થાન સમાન છે. હવામાન પરિસ્થિતિઓ અનુસાર, આ ટાપુને બે ઝોનમાં વહેંચાયેલું છે. દક્ષિણ-ઉષ્ણકટિબંધીય અને ઉત્તરીય-ઉષ્ણકટિબંધીય. હવાનું સરેરાશ તાપમાન ૨૦ ડીગ્રી થી ૨૮ ડીગ્રી સેન્ટીગ્રેડ સુધીનું હોય છે.

તાઈવાનનું પાટનગર તૈનાન શહેર છે. તેની વસ્તી એક મિલિયન ઉપરની છે. બગીચા અને ઉદ્યાનોમાં લીલોતરીની વિપુલતા દ્વારા અન્ય મેગાસિટીઝથી અલગ પડે છે.

ટચૂકડો દેશ તાઈવાન આજની આધુનિક સદીમાં દુનિયાના વિકાસની ગતિમાં બ્રેક લગાવી શકવાની તાકાત ધરાવે છે. તમે ઘણાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસિઝ પર 'મેડ ઈન તાઈવાન' લખેલું વાંચ્યુ હશે. આખી દુનિયા આ નાનકડા દેશ પર એક બાબતમાં રીતસર ડીપેન્ડેન્ટ (નિર્ભર) છે અને એ છે સેમિકંડક્ટર્સ !

ચીન અને તાઈવાન વચ્ચે યુદ્ધના તણખાં ઝરી રહ્યાં છે, પણ યુદ્ધની શક્તા ના બરાબર છે. અમેરિકન સ્પીકર નેન્સી પેલોસીની તાઈપેઈ મુલાકાત બાદ ચીનની ધમકીનાં કારણે ફરી આખી દુનિયાનું ધ્યાન એશિયાનાં આ નાનકડા દેશ તાઈવાન તરફ દોરાયું છે.

સૈન્યની ક્ષમતા જોઈએ તો તાઈવાન કોઈ હિસાબે ચીનને પહોંચી વળે તેમ નથી. અમેરિકાની મદદ મળે તો સમીકરણ બદલાય એ શક્યતા ખરી પરંતુ કાગળ ઉપર ચીન તાઈવાન કરતા અનેક ઘણું મજબૂત છે. બીજી તરફ તાઈવાન ગેરીલા યુદ્ધ માટે જાણીતું છે અને તેના માટે તેના સૈનિકો વિશેષ ક્ષમતા પણ ધરાવે છે.

તાઈવાન અને ચીન વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે. તો જાણો, તાઈવાન ચીનથી અલગ કઈ રીતે પડયું ? અને કેમ તાઈવાનને ચીન કબ્જે કરવા માંગે છે ?

તાઈવાન પહેલાં ચીનનો ભાગ હતું. તે સમયે ત્યાં ક્વીન્ગ (Quing) વંશનું રાજ હતું. ૧૮૯૪માં જાપાને ચીનના ઘણા ભાગ પર કબ્જો કરી લીધો હતો. તાઈવાન પણ તેમાનું એક હતું. તેના પછી ચીનમાં નાના-નાના શાસકો દ્વારા ચીનના ભાગ પડી ગયા.

ચાઈનાનું પુનઃગઠન ચીનના એક નેતા દ્વારા શરૂ થયું. જેમનું નાન સન્યાતસીન હતું. તેમને ૧૯૧૨માં કૌમેન ટોન્ગ પાર્ટીનું નિર્માણ કર્યું હતું. જેનો ધ્યેય ચીનનું પુનઃગઠન કરવાનું હતું. તે આ કાર્યમાં થોડા ઘણા અંશે સફળ થયા હતા. પરંતુ ૧૯૨૫માં સન્યાતસીનનું મૃત્યુ થયું અને કૌમેન ટોન્ગ પાર્ટીના બે ભાગ થયા. તેમાંથી એક પાર્ટી નેશનલિસ્ટ પાર્ટી બની અને બીજી કમ્યુનિસ્ટ પાર્ટી બની. નેશનલિસ્ટ પાર્ટી લોકતંત્રમાં માનતી હતી. જ્યારે કમ્યુનિસ્ટ પાર્ટી એક પાર્ટી દ્વારા ચાલતા રાજ પર માનતી હતી. બંન્ને પાર્ટી વચ્ચેના મતભેદ વધતા ગયા અને ૧૯૨૭માં શંઘાઈ નરસંહાર થયો. બંન્ને પાર્ટી વચ્ચે ૧૯૨૭ થી ૧૯૫૦ સુધી આંતરવિગ્રહ રહ્યો હતો.

જાપાને આ સિવિલ વોરનો ફાયદો ઉઠાવીને ૧૯૩૧માં ચીનના મન્ચુરિયા પર હુમલો કરીને તેના પર કબ્જો કરી લીધો. જાપાને ૧૯૩૮માં દ્વિતિય ચીન-જાપાન યુદ્ધ શરૂ કરી દીધું. આ યુદ્ધ ૧૯૪૫માં જાપાન

પર પરમાણું બોમ્બ પડયો ત્યાં સુધી ચાલ્યું હતું. તેથી ચીનનો જે એરિયા જાપાને કબ્જે કર્યો હતો તે ચીન પાસે પાછો જતો રહ્યો.

ફાર્મુસા દ્વિપ (તાઈવાન) ૧૯૪૯ માં ચીન પર કમ્યુનિસ્ટ પાર્ટીએ કબ્જો કરી દીધો. નેશનલિસ્ટ પાર્ટીના અંદાજે ૨૦ લાખ જેટલા લોકો હતા. તે બધા લોકો એક ફાર્મુસા નામના એક અજ્ઞાત દ્વિપ પર જતા રહ્યા. તે લોકો આ દ્વિપ પર જાનવરો તથા જીવન જરૂરીયાતનો સામાન લઈને ગયા. તે લોકો જે ફાર્મુસા નામના દ્વિપ પર ગયા તે જ અત્યારે તાઈવાન તરીકે ઓળખાય છે.

તાઈવાનના લોકો પોતાને રિપબ્લિક ઓફ ચાઈના કહેવા લાગ્યા અને કમ્યુનિસ્ટ પાર્ટીના લોકો પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના ગણાવવા લાગ્યા હતા. બંન્ને વન ચાઈના પોલિસીમાં માનતા હતા અને ખૂદને ઓરિજનલ ચીન માનતા હતા.

આખરે UNO દ્વારા ૧૯૭૧માં રિપબ્લિક ઓફ ચાઈનાને ઓરિજનલ ચાઈના હોવાની માન્યતા મળી અને UNO એ રિપબ્લિક ઓફ ચાઈનાને એમ કહ્યું તે સ્વતંત્ર દેશ નથી પણ તે પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના એટલે ચીનનો ભાગ છે.

અમેરિકા પણ ૧૯૭૯માં વન ચાઈના પોલિસીને માનીને તાઈવાનને ચીનનો ભાગ ગણતું હતું. જો કે, અમેરિકા તાઈવાન સાથે બિનસત્તાવાર સંબંધો જાળવતું હતું. અમેરિકા તાઈવાનને શસ્ત્રોનો સતત પુરવઠો આપતું રહેતું હતું.

દુનિયાના માત્ર ૧૩ જ દેશો તાઈવાનને એક અલગ અને સાર્વભૌમ દેશ માને છે. બીજા દેશો તાઈવાનને માન્યતા ન આપે તે માટે એમના પર ચીન વ્યાપારિક અને પોલિટીકલિ દબાણ કરી રહ્યું છે. તાઈવાનના સુરક્ષામંત્રીના જણાવ્યા અનુસાર ચીન સાથેના એમના સંબંધો છેલ્લાં ૪૦ વર્ષોથી સારા નથી.

ચીનના ૫૬ લડાકુ વિમાન તાઈવાનના ઍર ડિફેન્સ ઝોન વિસ્તારમાં ચીને ૨૦૨૧માં મોકલ્યા હતા અને તાઈવાન પર દબાણ ઉભું કરવાની કોશિશ કરી હતી. તાઈવાન પર ચીનનો કબ્જો કરવાનું કારણ કે દુનિયાના રોજીંદા જીવનમાં ઉપયોગી એવી ઈલેક્ટ્રોનિક્સ ગૅજેટ જેવાં કે ફોન, લૅપટોપ, ઘડિયાળ અને ગેમિંગ ઉપકરણોમાં જે ઈલેક્ટ્રોનિક ચીપ લાગે છે તે મોટા ભાગ તાઈવાનમાં બને છે. તાઈવાનમાં જ દુનિયાની અડધાથી વધુ ચિપનું ઉત્પાદન થાય છે. જો ચીન તાઈવાનને કબ્જે કરી લેતો દુનિયાનો મહત્વનો ઉદ્યોગ ચીનના નિયંત્રણમાં આવી જાય.

H


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝીંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

# INS વિક્રાંત જહાજ

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

દુશ્મનના છક્કા છોડાવવા તૈયાર છે પહેલું સ્વદેશી યુદ્ધ જહાજ INS વિક્રાંત. જાણો તેની તમામ ખાસિયત.....

ભારતનું પ્રથમ સ્વદેશી યુદ્ધ જહાજ INS વિક્રાંત હવે દેશની સેવા માટે તૈયાર છે. તમે આ અંક વાંચતા હશો ત્યારે એટલે કે ૨ સપ્ટેમ્બરે તે ભારતીય નૌકાદળમાં કાર્યરત પણ થઈ ગયું હશે. ભારત સરકારે INS વિક્રાંતને દેશની સેવા માટે ભારતીય નૌકાદળને સમર્પિત કરી ચુક્યા હશે. બે મહિના અગાઉ કોચીન શિપયાર્ડે આ એરક્રાફ્ટ કેરિયર સમય પહેલા બનાવ્યું હતું અને તેને ભારતીય નૌકાદળને સોંપ્યું હતું.



ભારતીય નેવીનો દરિયામાં વધુ એક શક્તિ મળી રહી છે. સ્વદેશી રીતે નિર્મિત આ યુદ્ધ જહાજ ભારતની નૌકાદળના કાફલામાં ૨ સપ્ટેમ્બરે સામેલ થઈ ગયું. આ શક્તિશાળી યુદ્ધ જહાજમાં અત્યંત ખતરનાક ફાઈટર પ્લેન તૈનાત કરવામાં આવશે. ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનોને સમુદ્રમાં પણ જડબાતોડ જવાબ આપવામાં આવશે. આ જાણકારી નેવીના વાઈસ એડમિરલ એસ.એન. ઘોરમડેએ આપી હતી. વાઈસ એડમિરલ એસ.એન. ઘોરમડેએ જણાવ્યું હતું કે સ્વદેશી રીતે નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતને સેવામાં સામેલ કરવું એ ભારત માટે અવિસ્મરણીય ક્ષણ છે. તેમણે કહ્યું કે એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતને સેવામાં સામેલ કરવાથી ઈન્ડો-પેસિફિક રિઝનમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

સંપૂર્ણપણે ભારતમાં જ બનેલુ છે આ INS વિક્રાંત. આ સાથે તેમણે જણાવ્યું કે દેશના ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં INS વિક્રાંત માટે ઉપકરણો બનાવવામાં આવ્યા છે. આ માટે અંબાલા, દમણ, કલકત્તા, જલંધર, કોટા, પુણે અને દિલ્હી જેવા શહેરોમાં પણ સાધનો બનાવવામાં આવ્યા છે. તેમણે માહિતી આપી છે કે INS વિક્રાતં માટે ૨૫૦૦ કિ.મી. લાંબી ઈલેક્ટ્રિકલ કેબલ ભારતમાં બનાવવામાં આવી છે. તે આપણા માટે ગર્વની વાત છે.

વાઈસ એડમિરલે કહ્યું કે ભારતીય નૌકાદળ, ડીઆરડીઓ અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડે સંયુક્ત રીતે આઈએનએસ વિક્રાંત માટે યુદ્ધ જહાજ સ્તરના સ્ટીલનું ઉત્પાદન કર્યું છે. આ સ્ટીલને ભવિષ્યમાં ઘણા દેશોમાં નિકાસ પણ કરવામાં આવશે. તેમણે એમ પણ જણાવ્યું કે INS વિક્રાંતને ફાઈટર એરક્રાફ્ટ Mig-29k અનુસાર ડિઝાઈન કરવામાં આવ્યું છે. પરંતુ સ્વદેશી TEDBF ફાઈટર એરક્રાફ્ટની તૈનાતી પર પણ વિચાર કરવામાં આવ્યો છે. આ સાથે રાફેલ અને F-18 ફાઈટર જેટને પણ તેમાં તૈનાત કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ અંગે ડીઆરડીઓ સાથે પણ વાતચીત ચાલી રહી છે.

આશરે રૂ. ૨૦૦૦૦.૦૦ કરોડના ખર્ચે બનેલ એરક્રાફ્ટ કેરિયરે ગયા મહિને દરિયાઈ પરીક્ષણનો

ચોથો અને અંતિમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. વિક્રાંતની રચના સાથે ભારત એવા દેશોના જૂથમાં જોડાયું છે કે જેઓ સ્વદેશી રીતે એરક્રાફ્ટ કેરિયર ડિઝાઈન અને નિર્માણ કરવાની ક્ષમતા ધરાવે છે.

INS વિક્રાંતનું મહત્વ ભારત માટે એટલા માટે ખાસ છે કે ભારતે આ યુદ્ધ જહાજ પોતાના ઘરમાં જ તૈયાર કર્યું છે. અમેરિકા, ચીન, ફ્રાન્સ, રશિયા અને બ્રિટન પછી હવે ભારત એકમાત્ર એવો દેશ છે જેની પાસે યુદ્ધ જહાજ બનાવવાની ક્ષમતા છે. આ એકક્રાફ્ટ કેરિયરને સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઈન કરીને બનાવવામાં આવ્યું છે. તે એક વિશાળ યુદ્ધ જહાજ છે. જેની ક્ષમતા પણ ઘણી છે. INS વિક્રાંતની લંબાઈની વાત કરીએ તો તેની લંબાઈ ૨૬૨ મીટર અને પહોળાઈ ૬૦ મીટર છે. INS વિક્રાંતનું વજન ૪૫ હજાર ટનની નજીક છે. INS વિક્રાંતના નિર્માણમાં ચાર એફિલ ટાવરની સમકક્ષ અદ્યતન પ્રકારના લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ યુદ્ધ જહાજમાં ૨૪૦૦ કિલો કેબલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. INS વિક્રાંત ૧૭૦૦ ક્રૂ મેમ્બર્સને લઈ જઈ શકે છે. તે ૨૩૦૦ કમ્પાર્ટમેન્ટ ધરાવે છે અને તેની ક્ષમતા ૨૮ નોટ છે. જ્યારે તેની ક્રૂઝિંગ સ્પીડ ૧૮ નોટ છે અને તેની સૌથી મહત્વની વિશેષતા એ છે કે તે એક જ વારમાં ૭૫૦૦ કિ.મી.નું અંતર કાપી શકે છે. INS વિક્રાંતનું નિર્માણ લગભગ ૧૩ વર્ષ પહેલા શરૂ થયું હતું.

INS વિક્રાંતની હાજરીથી સમુદ્રમાં ભારતનો દબદબો બનશે. જો ભારતના નવા એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતની તુલના ભારતના હાલના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય સાથે કરવામાં આવે તો તે ૪૪૫૦૦ ટનનું યુદ્ધ જહાજ છે. તેની પીઠ પર એક સાથે ફાઈટર જેટ અને હેલિકોપ્ટર સહિત ૩૪ એકક્રાફ્ટ લઈ જઈ શકાય છે. નૌકાદળે કહ્યું છે કે, એકવાર કાર્યરત થયા પછી IAC-1 સૌથી શક્તિશાળી સમુદ્ર-આધારિત સંપત્તિ હશે, જે રશિયન નિર્મિત મિગ-૨૯k ફાઈટર એરક્રાફ્ટ અને કામોવ-૩૧ એર અર્લી વોર્નિંગ હેલિકોપ્ટરનું સંચાલન કરશે અને આ બંને શસ્ત્રો ભારત પાસે પહેલેથી જ છે અને તેનો ઉપયોગ વિક્રમાદિત્ય પર થઈ રહ્યો છે. નવું વિક્રાંત અમેરિકન એરોસ્પેસ અને સંરક્ષણ કંપની લોકહીડ માર્ટિન દ્વારા ઉત્પાદિત વિક્રમાદિત્ય પર થઈ રહ્યો છે. નવું વિક્રાંત અમેરિકન એરોસ્પેસ અને સંરક્ષણ કંપની લોકહીડ માર્ટિન દ્વારા ઉત્પાદિત MH-60R સીહોક મલ્ટીરોલ હેલિકોપ્ટર અને બેંગ્લોર સ્થિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ઉત્પાદિત એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટરનું પણ સંચાલન કરશે. ભારતીય નૌકાદળના જણાવ્યા મુજબ નવું INS વિક્રાંત ખૂબ જ લાંબી રેન્જમાં તેની શક્તિ દર્શાવવાની ક્ષમતા ધરાવે છે અને તેનો ઉપયોગ એર ઈન્ટરડિક્શન, એન્ટી-સરફેસ વોરફેર, એટેક અને ડિફેન્સ કાઉન્ટર-એર, એરબોર્ન એન્ટી સબમરીન વોરફેર અને એરબોર્ન અર્લી માટે કરી શકાય છે. યુનાઈટેડ સ્ટેટસ નેવી પાસે હાલમાં ૧૧ એરક્રાફ્ટ કેરિયર્સ છે. ત્યારબાદ ચીન આવે છે, જે તેના એરક્રાફ્ટ કેરિયર પ્રોગ્રામને આક્રમક રીતે આગળ ધપાવે છે. થોડા મહિના અગાઉ ચીન પાસે માત્ર ૨ એરક્રાફ્ટ કેરિયર હતા, પરંતુ ગયા મહિને ચીનની નૌકાદળમાં ત્રીજું એરક્રાફ્ટ કેરિયર તૈનાત કરવામાં આવ્યું હતું અને રિપોર્ટ અનુસાર ચીન વધુ ત્રણ એરક્રાફ્ટ કેરિયર ખૂબ જ ઝડપી ગતિએ બનાવી રહ્યું છે. જેમાંથી બે એરક્રાફ્ટ કેરિયર આગામી પાંચ વર્ષમાં ચીનની નૌકાદળમાં જોડાશે. ભારતીય નૌકાદળના અધિકારીઓનું કહેવું છે કે, ભારત ભલે IAC-2 પ્રોજેક્ટને આગળ ધપાવે પરંતુ આ યુદ્ધ જહાજને કાર્યરત થવામાં ૧૦ વર્ષથી વધુનો સમય લાગશે.

H

# વ્રજ નિકુંજ રહસ્ય

- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

એક દિન રતિમંજરીને શ્રી લલિતાજીસે નિકુંજ કા મહાન રહસ્ય પૂછા. ઔર કહા, 'નિકુંજ મે ઐસા ક્યા મહાન રહસ્ય હૈ મુઝે કૃપયા બતલાએ.'

'હર ચીજ યહાં કી દિવ્ય હૈ'. નિકુંજકી રજ ભી દિવ્ય હૈ. એક એક ચીજ યહાં કી પ્રેમમય હૈ. યહાં કે જલમેં નિર્મલતા હી નિર્મલતા હૈ. પુલિન મેં સુહાપંત હૈ ઔર હર જગહ મંગલ હી મંગલ હૈ. વન મેં શોભા હી શોભા હૈ. વૃક્ષોમેં હરિયાલી હી હરિયાલી હૈ. લતાઓમેં નર્તન હૈ, ફૂલોમેં અદ્‌ભૂત સુંદરતા હૈ, ફુલોમેં રોચકતા હી રોચકતા હૈ, પવન મેં સુખ હી સુખ હૈ, ઋતુઓ મનોહર હૈ, પશુઓમેં પ્રિયતા હી પ્રિયતા હૈ, કોમલ સખિયોમેં ઉમંગ હૈ, હર એક મંજરિયોંમેં વિનમ્રતા હૈ, નૈનોમેં સુંદરતા, અધરોમેં મુસ્કાન, વાણીમેં મિઠાસ હી મિઠાસ હૈ, હૃદયમેં પ્રેમ, વ્યવહારમેં આત્મીયતા, ભાવના મેં સેવા ઔર નિકુંજ રાજ્ય કી હરખેલીમેં ઉલ્લાસ હી ઉલ્લાસ હૈ, હર સેવામેં ઉલ્લાસ, હર કાર્યમેં આનંદ ઔર નિકુંજ રાજ્ય કી સીમામેં કઠિનતા, કઠોરતા, મલિનતા, વિષમતા માયાકા રંજ માત્ર અસ્તિત્વ નહીં હૈ.

શ્રી રતિમંજરીને લલિતાજીસે પૂછા - આખિર ઐસા કૌનસા મહાન રહસ્ય હૈ ઉસ નિકુંજ વન કા કિ યહાંકી હર એક ચીજ મેં પ્રેમ, આત્મીયતા ઔર ઉલ્લાસ ભરા હુઆ હૈ.

તબ લલિતાજીને કહા - મૈં અબ નિકુંજ કા રહસ્ય બતાતી હું. તુમ ધ્યાન સે સુનો. યહ નિકુંજ પ્રિયા પ્રિતમ કે પ્રેમ અશ્રુસે સિંચિત હૈ. સ્વયં પ્રિયાજીને ઈસ નિકુંજ વનકી એક એક પલ કો અપને પ્રેમ સે સુરક્ષિત કી હૈ.

હમારી સ્વામિની પ્રેમ કી આનંદ સાગર હૈ. ઉન્હોને હી કૃપા કર કે ઈસ નિકુંજ કી હરેક વસ્તુમેં અપના પ્રેમ ભર દિયા હૈ.

શ્રી લલિતાજીને કહા - જો અખિલ બ્રહ્માંડ કે અધિપતિ હૈ, જો સર્વ લોક મહેશ્વર હૈ, સંપૂર્ણ સૃષ્ટિ કે સર્જનહાર, પરમેશ્વર, સર્વ શક્તિમાન હૈ, વહ શ્યામ સુંદર ઈસ નિકુંજ વન મેં પ્રિયાજી કે સાથ કિતના અનુપમ, સુંદર વિનોદ વિલાસ કરતે હૈ.

યહ ઉનકી કિતની બડી મહાનતા ઔર સરલતા હૈ, અનંત કોટિ બ્રહ્માંડ કે સ્વામી હોને પરભી અપની ગરિમા કો ભૂલકર પ્રિયાજી કે સાથ હંસતે હૈ, ખેલતે હૈ, ખાતે હૈં, હમારે સાથે ઐસે ખેલતે હૈં જૈસે કોઈ છોટા બાલક અપની પરછાઈ કે સાથ ખેલતા હૈ, શ્યામ સુંદર પ્રેમ કે સિંધુ હૈ.

લલિતાજીને કહા - હમારી કિશોરીજી ઈતની મૃદુલ સહજ હૈ, પ્રેમ કી મૂર્તિ હૈ, ઉન્હોને ઈસ નિકુંજ રાજ્યમેં હર સખી મેં, હર મંજરી મેં, હર લતા મેં, હર પેડ મેં, હર ફૂલમેં અપના દિવ્ય પ્રેમ ભર દિયા હૈ.

કિતની મહાન ઉદારતા હૈ, શ્યામ સુંદર મેં કિ અનંત કોટિ બ્રહ્માંડ કે સ્વામી હોકર ભી સ્વામિનીજી કી ચરણ સેવા કરતે હૈ, જબ કિશોરીજી માન કરતી હૈ તો વિનય સે અપના સર્વસ્વ નોચ્છાવર કરકે ઉન્હે મનાતે હૈં.

શ્યામ સુંદર હી રસ દાન કરને વાલે હૈ.

પ્રિયાજી ઈસ નિકુંજ મેં પ્રેમ કી સરિતા ભરતી હૈં ઔર શ્યામ સુંદર ઈસ નિકુંજ કી રક્ષા કરતે હૈ, નિકુંજ રસ કે પ્રદાન કરને વાલે ઔર રસ કો પાન કરને વાલે શ્યામ સુંદર હી હૈ.

કામ, ક્રોધ, વિકાર કા યહાં પ્રવેશ નહીં હૈં, નિકુંજ કે રક્ષા કવચ કો છૂ ભી નહીં શકતે. ત્રિગુણ તાપ, ત્રિદોષ યહીં ઝાંક ભી નહીં શકતે હૈ.

પ્રિયાજી કે વિશુધ્ધ પ્રેમ કે કારણ યહાં નિકુંજ મેં ઉજ્જવલતા, નિર્મલતા, સરલતા, મધુરતા હી મધુરિતા, મૃદુલતા હૈ.

નિકુંજ રાજ્ય કા મૂલ રૂપ હમારી પ્રિયાજી કા વિશુધ્ધ પ્રેમ હૈ. ઉન્હીં ને અપને દિવ્ય પ્રેમ સે નિકુંજ રાજ્ય કી હર એક વસ્તુકો પ્રિયા પ્રિયતમમયી બના દિયા હૈ.

પ્રિયાજીકી કૃપા, કરૂણા, ઉદારતા, મૃદુલતા, હર સખી, હર લતા, હર એક રજકણ ઉનકે પ્રેમ સે સરાબોર હૈં.

કિતની સહજ, સુમન, કૃપામયી હૈ હમારી કિશોરીજી. નિકુંજ કી ઈશ્વરી હૈ નિકુંજેશ્વરી હૈ.

જય હો નિકુંજ રહસ્યમયી, કરૂણામયી હૈ હમારી રાધે જુ. જય હો લલિતાજી કી. લલિતાજી મુખસે નિકુંજ રહસ્ય કા વર્ણન હુઆ.

જય શ્રી કૃષ્ણ

# સત્ય જીવન અને સૃષ્ટિ સંચાલક

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

માનવ જીવનમાં સમય બહુ કીંમતી અને મહત્વનો છે. સમય ઘોડાની લગામ જેવો છે. લગામ હાથમાં હોય ત્યારે તેને અંકુશમાં રાખી શકાય છે. સમય અને તેનો સદઉપયોગ કરતાં શીખો. સમય આપણા માટે રાહ જોતો નથી. સમયને સાચવશો તો તે આપણને સાચવશે. જીવનમાં પરિવર્તન જ કાયમી બાબત છે. તેના પ્રવાહને રોકી શકાય નહીં. આજે જે છે તે કાલે રહેવાનું નથી. કુટુંબ, સમાજ, ધર્મ અને અન્ય બાબતોમાં સમય સાથે બદલાવ આવવાનો છે.

ઉંમર અને સમયની સાથે માણસે બદલાતા રહેવું જોઈએ અને નવા વિચારો અને આવિષ્કારોને સ્વિકારવા જોઈએ. જે કાંઈ કરો તેમાં બદલાની આશા રાખશો નહીં.

જીવનમાં સૌ પ્રત્યે પ્રેમભાવ રાખો, પ્રેમ જેટલો આપશો તેટલો બદલામાં મળશે, પણ આ માટે અપેક્ષા હોવી જોઈએ નહીં. જીવનમાં ક્ષમાની ભાવના રાખી માફ કરો. કડવી યાદોને ભૂલી જાઓ. આ જગતમાં કોઈ માણસ સંપૂર્ણ નથી. જીવનમાં જગતમાં જે કાંઈ બને છે તેની પાછળ કાંઈને કાંઈ હેતુ રહેલો છે. જીવન જેવું છે તેવું સ્વીકારી અને જેવા છો તેવા બની રહો કારણ કે ખોટો દંભ અને દેખાવ કરો નહીં. જીવનમાં મૃત્યુ નિશ્ચિત છે, તો પછી ડર શા માટે ? સમયની સાથે બધું ભુલાઈ જશે.

તમારા આત્મિક સત્યને વળગો અને અભય બની જીવન જીવો. તમારા પોતાના સત્યને વળગશો તો એ જીવન પૂર્ણ થઈ શકશો. સત્ય એ જ પરમાત્મા છે અને ઉધ્ધાર ના કરે તો શું અસત્ય ઉધ્ધાર કરશે? કર્મ માણસના જન્મ અને બંધનનું કારણ છે. કર્મ થકી માણસ મહાન બને છે. દેવ બને કે દાનવ બને.

***Life Is Short, Time Is Fast***
***No Reply, No Rewind,***
***So Enjoy Every Moment As It Comes.***

આ સૃષ્ટિનું સર્જન કોઈ અદૃશ્ય શક્તિએ કર્યું છે. લોકોએ એ શક્તિને ઈશ્વર કે પ્રભુ, અલ્લાહ કે ગોડ નામ આપ્યું. એ બધા લોકોના સમુહો જુદા જુદા ધર્મોના રૂપમાં વિકસીત થયા છે. ભગવાન જાણવા તથા સમજવાનું માધ્યમ સધ્યાત્મ છે. પરમાત્માના બાહ્ય માર્ગે પહોંચવાનો માર્ગ ધર્મ એટલે કર્મ છે. તો ધ્યાન દ્વારા પરમાત્મા સુધી પહોંચવાનો આંતરિક માર્ગ અધ્યાત્મ છે.

જુદી જુદી વ્યક્તિઓ માટે ઈશ્વરનું સ્વરૂપ પણ અલગ અલગ હોય છે. કોઈના માટે ઈશ્વર મંદિરમાં તો કોઈ માટે એને દુઃખી તથા પીડિત લોકોની સેવામાં રહેલો માને છે. કોઈ સાકાર માને છે તો કોઈ નિરાકાર માને છે. કોઈકના માટે આ જીવન જ પરમાત્મા છે, તો કોઈ કેટલાક પ્રકૃતિમાં ઈશ્વરના દર્શન કરે છે. ઈશ્વરને માનવા પાછળ માત્ર ધાર્મિક કારણ નથી, પરંતુ કેટલાક મનોવૈજ્ઞાનિક કારણ પણ છે. ઈશ્વરના રહસ્યોને માણસ જાણી શક્યો નથી. ધ્યાન અને યોગ સાધનાને ઈશ્વર પ્રાપ્ત કરવાનું શક્તિશાળી માધ્યમ માનવામાં આવે છે. પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવા ઈચ્છતા હોઈએ તો સાથે સાથે પોતાના જીવનને પણ શુધ્ધ, પવિત્ર, ઉદાર અને દિવ્ય બનાવવાની ભક્તિ અને સાધના કરતા રહેવું જોઈએ.




NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

## કવિતા

જીંદગી કશું નહિ પણ ઈશ્વરે બક્ષેલી યાત્રા છે.

ક્યારેક સુખ તો ક્યારેક દુ:ખ ભરેલી જાત્રા છે.

મણાય એટલી માણી લેજો મિત્રો

કેમ કે જીંદગી તો જન્મ - મરણ વચ્ચેની નાની વાર્તા છે.

'કેવી અજબ વાત છે

ઈશ્વર તમારા ઘરે આવે એ સૌને ગમે છે

પણ ઈશ્વર એમના ઘરે બોલાવે તો કોઈને ગમતુ નથી.'

આંખોમાં વસનારા જ રડાવી જાય છે...

દસ્તુર તો જુઓ આ દુનિયાનો.

પોતાના મો ચડાવી બેઠા અને

પારકા હસાવી જાય છે.

ક્યાં સમય છે આપણી પાસ

જીવતા માણસ સાથે બેસવાનો.

આપણે તો માણસ મર્યા પછી જ 'બેસવા' જઈએ છીએ.

### બે શબ્દો...

**માઈનસ અને પ્લસ**

આપણા પોતાના માઈનસ પોઈન્ટની ખબર હોય એ આપણો પ્લસ પોઈન્ટ છે.

**અવાજ અને મૌન**

પુરુષોનો ઊંચો અવાજ સ્ત્રીને ચૂપ કરાવી દે છે, પણ સ્ત્રીનું મૌન પુરુષના પાયા જ હલાવી નાખે છે.

**ડોક્ટર અને માણસ**

કેવો ગજબનો શબ્દ છે 'સોરી' જ્યારે માણસ બોલે તો ઝઘડો પૂરો અને જો ડોક્ટર બોલે તો માણસ પૂરો

**યાદ અને ભૂલી**

મદદ એક એવી ઘટના છે, કરો તો લોકો ભૂલી જાય છે, ના કરો તો લોકો યાદ રાખે છે.

**આપણા અને તાપણા**

આપણા અને તાપણાની એક ખાસિયત છે, બહુ નજીક ના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

**શરૂઆત અને અંત**

જીવનની શરૂઆત પોતાના રડવાથી થાય છે અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે.

**ક્રોધ અને લોભ**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે, અને ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે.

**મગજ અને હૃદય**

મગજ ભલે હૃદયથી બે વેંત ઉંચે હોય, પણ હૃદયથી બનતા સંબંધો, બધાથી ઉંચા હોય છે.

**સંવેદનાના ઝરણાઓ**

## મોહે રંગ દે



# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## મેડીકલ સેંટર
### ખુશ ખબર

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે ફરી એકવાર શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત મેડીકલ સેંટર ચોપાટી ખાતે નીચે જણાવેલ પેકેજો (એક પેકેજ પર એક પેકેજ ફ્રી) તા. ૧ લી એપ્રીલ થી શરૂ કરવામાં આવે છે. સૌ. મે. N.M. Medical

| ક્રમાંક | પેકેજના નામ | કિંમત |
|---|---|---|
| ૧. | N.M. Health Plan Primary | ૩૫૦૦.૦૦ |
| ૨. | N.M. Health Plan Gold | ૭૯૫૦.૦૦ |
| ૩. | N.M. Health Plan Gold Plus | ૧૦૯૫૦.૦૦ |
| ૪. | N.M. Health Plan Platinum | ૧૯૦૦૦.૦૦ |
| ૫. | N.M. Health Plan Diamond | ૩૩૫૦૦.૦૦ |
| ૬. | N.M. Senior Citizen Plan | ૮૦૦૦.૦૦ |

વધુમાં જણાવતાં સહર્ષ આનંદ અનુભવીયે છીએ કે જોગેશ્વરી થી બોરીવલી સુધીના રહેવાસીઓ માટે Pathology Test કરાવનારને ફ્રી હોમ વિઝીટની સેવા મળશે. સૌ મે. N.M. Medical

આશા છે કે આપ સૌ વધુમાં વધુ લોકો ઉપર જણાવેલ સેવાઓ નો લાભ લેશો અને સંસ્થાની પ્રગતીમાં અપરોક્ષ રીતે ફાળો નોંધાવશો.

આ અંગેની વધુ વિગતો નીચે જણાવેલ ફોન નંબર પર મેળવી લેવા વિનંતી.

સંપર્ક હેતુ નવો ફોન તથા વોટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નીચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વોટ્સ અપ નંબર - + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

જત જણાવવાનું કે સમાજની કાર્યવાહક સમિતિના એક એવી બેઠકમાં નક્કી થયા મુજબ સમાજ તરફથી ફાળવવામાં આવતી સહાયની રકમ અપૂર્તી હોવાથી સમાજ રૂા. ૧૦,૦૦૦/- ની એક એવી મીતી ની રજુઆત કરે છે. આ રકમ જે તે વર્ષમાં આવશે તે જ વર્ષમાં સહાયરૂપી વાપરવામાં આવશે.

યદી આપ જો આપની મીતી નોંધાવવા ઈચ્છતા હો તો નીચે જણાવેલ સંસ્થાના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી.

**શ્રી વ્રજેશ દેસાઈ-૯૮૨૦૦૩૯૩૦૪, શ્રી કાર્તિકેય કડકીઆ-૯૮૨૦૦૩૦૮૪૨, શ્રી કિર્તી કડકીઆ-૯૮૨૧૦૨૯૨૭૦** અથવા સંસ્થાના હોદ્દેદાર નો સંપર્ક સાધશો.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજને પ્રાપ્ત થયેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી દિનેશ પુનમચંદ શાહ | | રૂા. ૪,૫૦,૦૦૦/- |
| ૨. | શ્રી સુરેન્દ્ર સી. પરીખ | - | રૂા. ૫૧,૦૦૦/- |
| ૩. | શ્રી યોગેશ રમણીકલાલ ધારીયા | - | રૂા. ૫૧,૦૦૦/- |
| ૪. | શ્રીમતી વર્ષા હેમંત દેસાઈ (દેડકી) | - | રૂા. ૫૦,૦૦૦/- |
| ૫. | શ્રી જયંતીલાલ મોજીલાલ શાહ (ખડખોધરાવાળા) | - | રૂા. ૫૦,૦૦૦/- |
| ૬. | શ્રી અતુલ પુનમચંદ શાહ | - | રૂા. ૫૦,૦૦૦/- |
| ૭. | શ્રી મહેશ નટવરલાલ મોદી | - | રૂા. ૧૧,૦૦૦/- |

ઉપરોક્ત દાતાઓનો સંસ્થા આભાર માને છે.

**મંત્રી - મંજુલ ધારીઆ, અનિશ ગાંધી, સમીર શાહ**

ગત અંકમાં જણાવ્યા મુજબ માદેર વતન વાડસોલ ખાતે દિવાળી પર્વ દરમ્યાન (વાઘ બારસ થી ભાઈબીજ) સુધી વણિકવાડીમાં ભોજનની વ્યવસ્થા રાખેલી છે.

જેમાં સવારનો ચ્હા-કોફી અને નાસ્તો, બપોરનું ભોજન, રાત્રીનું ભોજન સાથે મીનરલ વોટર બોટલની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો વ્યક્તિદીઠ એક દિવસનો ખર્ચ રૂા. ૩૦૦/- રાખેલ છે.

**નમ્ર નિવેદન : કુપનો લેવા માટે સંપર્ક કરો.**

**શ્રી કેદાર ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨ શ્રી લલીત દેસાઈ - ૯૮૨૦૦૭૩૩૦૩ શ્રી મનોજ પરીખ - ૯૮૨૦૪૩૯૧૩૪**




Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

Treatments we offer :
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filing
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) જુલાઈ માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

.મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી, તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૨૬૮ દર્દીઓએ એક્ષ રે વિભાગમાં ૨૮૭ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૮૧૧ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૧૧ માઈનોર ૧૧, ગાયનેકના મેજર ઓપરેશન ૨૯ તથા માઈનોર ૦૩ તથા ઈએનટી માઈનોર ૪૫, ઓર્થો માઈનોર ૦૫ તેમજ આંખના મેજર ૯૬ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૬૯૯૮૧૫/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૨૦૧૫/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૬૮૭૩૫/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. કુસુમબેન કીર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૫-૭-૨૦૨૨ના રોજ ૩૫ દર્દીઓની આંખમાંથી રાહત દરેક છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૭-૭-૨૦૨૨ના રોજ ૩૫, તા. ૨૧-૭-૨૦૨૨ના રોજ ૪૧ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**૩. મેડીકલ કેમ્પ :** આપણી હોસ્પિટલ તરફથી તા. ૩૦-૮-૨૦૨૨ના રોજ પ્રાથમિક શાળા, વેરાસાના ૧૩૦ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નિદાન કરી જરૂરીયાતવાળા ૮૫ દર્દીઓને ફ્રી દવા આપવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે જુલાઈ ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૬૭૭ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૩૪૪ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૯૩૦ દર્દીઓએ તેમજ સીટી સ્કેન વિભાગમાં ૫૫ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૪૪૦/- ની માફી તથા રૂા. ૬૨૯૩/- ની દવા માફી મળીને કુલ રૂા. ૬૭૩૩/- ની માફી કરવામાં આવેલ છે. તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની મા યોજના હેઠળ ૨૨૫ દર્દીઓએ લાભ લીધેલ છે.

નોંધ : કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૯-૨૦૨૨ના રોજ સાંજે ૬.૦૦ કલાકે નિયામક ઓફીસ : C/o શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ, ૪૫-૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ ખાતે મળશે. તેમાં આજીવન સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ તેમજ દાતાશ્રીઓએ હાજર રહેવા વિનંતી છે.

જે આજીવન સભ્ય તેમજ દાતાશ્રીઓનું સરનામુ બદલાઈ ગયુ હોય તો નવુ સરનામું/મોબાઈલ નંબર તેમજ ઈમેઈલ આઈડી ટ્રસ્ટના મંત્રીશ્રીઓને (નિતિનભાઈ મો. ૯૮૨૧૦૩૯૦૮૭ અને પરેશભાઈ મો. ૯૮૨૧૦૨૪૩૯૯) ઉપર મોકલવા વિનંતી છે.

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એસ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી. કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**માનદ્ મંત્રીશ્રીઓ - શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

II Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL


## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી ઉર્મિલ કડકીઆ**
  ૫૦૩/બી, રશ્મી કુંજ, સેવન હેવન્સ કો.ઓ. હા.સો.લી. કસ્તુરબા રોડ નંબર-૨, મંગેશ સદન સામે, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૬
  **ઉર્મિલ કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯**
  **રાધા કડકીઆ - ૯૦૨૯૯૩૨૯૯૦**
  **જીલ ઉર્મિલ કડકીઆ - ૭૦૨૧૧૪૬૮૯૦**
  **કરણ ઉર્મિલ કડકીઆ - ૮૩૫૬૦૨૬૪૧૯**
  **ફોરમ કરણ કડકીઆ - ૯૬૧૯૦૦૧૩૫૯**
- **શ્રીમતી અંજના – અરૂણ શાંતિલાલ શાહ**
  ૮૦૧, વૈભવ રેસીડેન્સી, સેકટર નંબર-૩, ગણેશ ચોક પાસે, ડોમીનોઝની સામે, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
- **શ્રી સમીર ગુણવંતલાલ પરીખ**
  ૧૩૦૨, શીતલ હાઈટસ્, ૧૩મે માળે, હાલાઈ લોહાણા મહાજનવાડીની બાજુમાં, ખત્તર ગલી, સી.પી. ટેન્ક, મુંબઈ - ૪૦૦૦૦૨

## તેજસ્વી તારલા

**કુ. પાયલ અલ્પેશ શાહ** MBBS. ની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેમને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| હસમુતીબેન મંગલદાસ મોદી | ૮૯ |
| કોકીલાબેન રજનીકાંત ધારીયા (ગાંડાધરિઆ) | ૮૩ |
| જયંતીલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા) | ૮૯ |
| ગજેન્દ્ર મણીલાલ મોદી | ૮૭ |
| કૈલાસબેન મધુસુદન ધારીઆ (દાઉદીઆ) | ૮૮ |
| બિપીનચંદ્ર ચીમનલાલ મોદી (ઠાસરાવાળા) | ૭૯ |
| નિતા કૌશીક પરીખ | ૬૩ |
| ચેતન શિરીષ મોદી (પરચુરણ) (U.S.A.) | .... |
| મુકેશ મોહનલાલ શાહ (ચકવા) | ૬૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

POLYCAB
WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.